ૐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મુલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૩૦ ૧ જુલાઈ-૨૦૧૭ પાના-૧૬ લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી

જીવે અજ્ઞાન ગ્રહ્યું છે તેથી ઉપદેશ પરિણમે નહીં. કારણ આવરણને લીધે પરિણમવાનો રસ્તો નથી. જ્યાં સુધી લોકના અભિનિવેશની કલ્પના કર્યા કરો ત્યાં સુધી આત્મા ઊંચે આવે નહીં અને ત્યાં સુધી કલ્યાણ પણ થાય નહીં. ઈંદ્રિયોના નિગ્રહનું ન હોવાપણું, કુળધર્મનો આગ્રહ, માનશ્લાઘાની કામના, અમધ્યસ્થપણું એ કદાગ્રહ છે. તે કદાગ્રહ જ્યાં સુધી જીવ ન મૂકે ત્યાં સુધી કલ્યાણ થાય નહીં. નવ પૂર્વ ભણ્યો તો ય રખડ્યો ચૌદ રાજલોક જાણ્યો પણ દેહમાં રહેલો આત્મા ન ઓળખ્યો, માટે રખડ્યો!

જ્ઞાનીપુરુષ બધી શંકાઓ ટાળી શકે છે પણ તરવાનું કારણ સત્પુરુષની દ્રષ્ટિએ ચાલવું તે છે. અને તો જ દુ:ખ મટે આજ પણ પુરુષાર્થ કરે તો આત્મજ્ઞાન થાય. જેને આત્મજ્ઞાન નથી તેનાથી કલ્યાણ થાય નહીં. વ્યવહાર જેનો પરમાર્થ છે તેવા આત્મજ્ઞાનીની આજ્ઞાએ વર્ત્યે આત્મા લક્ષગત થાય, કલ્યાણ થાય.

આત્માનું મુખ્ય લક્ષણ ઉપયોગ છે. આત્મા તલમાત્ર દૂર નથી; બહાર જોવાથી દૂર ભાસે છે, પણ તે અનુભવ ગોચર છે. આ નહીં, આ નહીં એથી જુદું જે રહ્યું તે તે છે. આત્માનું ભાન સ્વાનુભવથી થાય છે. આત્મા અનુભવ ગોચર છે. અનુમાન છે તે માપણી છે.

સત્પુરુષ અને સત્શાસ્ત્ર એ વ્યવહાર કોઈ કલ્પિત નથી. સદગુરુ, સત્શાસ્ત્રરૂપી વ્યવહારથી સ્વરૂપ શુધ્ધ થાય, કેવળ વર્તે, પોતાનું સ્વરૂપ સમજે તે સમક્તિ. સત્પુરુષનું વચન સાંભળવું દુર્લભ છે, વિચારવું દુર્લભ છે, શ્રધ્ધવું દુર્લભ છે, તો અનુભવવું દુર્લભ હોય તેમાં નવાઈ શી?

ઉપદેશ જ્ઞાન અનાદિનું ચાલ્યું આવે છે. એકલા પુસ્તકથી જ્ઞાન થાય નહીં. સદ્‌ગુરુની આજ્ઞા પ્રમાણે ચાલવું તેમાં ભૂલી જવાય તો પુસ્તક અવલંબન-ભૂત છે. ચૈતન્યપણું ગોખે તો ચૈતન્યપણું પ્રાપ્ત થાય, અનુભવ હોય તો મોક્ષ થાય.

વ્યવહારને નિષેધવો નહીં. એકલા વ્યવહારને વળગી રહેવું નહી. આત્મજ્ઞાનની વાત સામાન્ય થઈ જાય એવી રીતે કરવી ઘટે નહીં. આત્મજ્ઞાનની વાત એકાંત કહેવી.

મિથ્યાત્વ, પ્રમાદ, અવ્રત, અશુભયોગ એ અનુક્રમે જાય તો સત્પુરુષનું વચન આત્મામાં પરિણામ પામે તેથી બધા દોષો અનુક્રમે નાશ પામે. આત્મજ્ઞાન વિચારથી થાય છે. સત્પુરુષ તો પોકારી પોકારીને કહી ગયા છે, પણ જીવ લોકમાર્ગે પડ્યો છે, ને તેને લોકોતર માર્ગ માને છે. આથી કરી કેમેય દોષ જતાં નથી. લોકનો ભય મુકી સત્પુરુષોના વચનો આત્મામાં પરિણમાવે તો સર્વ દોષ જાય. જીવે મારાપણું લાવવું નહીં, મોટાઈને મહતા મૂક્યા વગર સમ્યક્‌માર્ગ આત્મામાં પરિણામ પામે નહીં.

**- શ્રીમદ્ રાજચંદ્રજી, ''ઉપદેશ છાયા માંથી''**

## વિવેકાનંદ વાણી :

સંગની અસર વિશે સમજાવતા સ્વામી વિવેકાનંદ કહે છે: વરસાદનું ટીપું આકાશમાંથી પડે છે. એ જો સ્વચ્છ હાથમાં પકડાય, તો પીવાલાયક પાણી બને છે. પણ એ જો ગટરમાં પડે. તો એ પગ ધોવા લાયક પણ નથી રહેતું.

એ જો ગરમ સપાટી પર પડે, તો તેનું બાષ્પીભવન થઈ જાય છે, જો કમળના પાન પર પડે તો મોતી જેવું ચમકે છે. અને છેલ્લે, એ જો છીપમાં પડે તો મોતી બની જાય છે. પાણીનું ટીપું તે જ છે પણ તેનું અસ્તિત્વ અને તેની કિંમત, તેનો સંગ કોની સાથે થયો તેના પર નિર્ભર છે. માટે, જરૂરી છે કે તમે સારા માણસોની સોબતમાં રહો, તમે તમારું આંતરિક પરિવર્તન થતું માણી શકશો.

**- (ઈન્ટરનેટ પરથી)**

**સત્પુરુષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો...**
**શ્રીમદ્ રાજચંદ્ર**

## ભાષણોમાંથી ક્યારે મુક્ત થઈશું ?

આજે મને ભાષણ કરવા માટે અત્યારે અડધો કલાક અને સાંજના એક કલાક મળીને દોઢ કલાક સુધીનો વખત આપવામાં આવ્યો છે. પણ તેટલો બધો વખત સુધી ભાષણ આપવું અને તેને તમારે પચાવવું એ મારી સત્તાની બહાર છે. મારે જ્યાં જ્યાં બોલવાનું થાય છે ત્યાં ત્યાં હું ટૂંકથી પતાવું છું. હું ત્રીસ વર્ષ સુધી ઘણું ભટક્યો છું. મેં જોયું છે કે જ્યાં અત્યંત બોલવાનું હોય છે ત્યાં કામ કરવાનું ઘણું જ ઓછું હોય છે. આ દોષ માટે આપણે લાયક છીએ. માત્ર ભાષણો અને વ્યાખ્યાનોનો ખોરાક મળે છે, એમાંથી આપણે ક્યારે મુક્ત થઈશું? આપણી જિંદગીમાં જેટલો વખત ભાષણો સાંભળવામાં આપણે ગાળ્યો છે, તેટલો જ વખત જો કાર્ય કરવામાં ગાળ્યો હોત તો આજે હિંદુસ્તાન સ્વરાજના પગથિયા પર આવ્યું હોત.

ભાષણ માટે રાખવામાં આવે છે તેટલો વખત જો અત્રે બેઠેલ માણસને એકકેક પાવડો આપી અત્રે જેટલી જમીન છે તેટલી ખોદાવી તેમાં કાંઈ વાવેતર કરવામાં આવે તો આવતે વર્ષે કાંઈ ને કાંઈ પણ સારો પાક ઊગશે જ.

માત્ર વ્યાખ્યાનો સાંભળવાથી કામો થતાં હોય તો ઘણે ઠેકાણે ભાગવતનાં પારાયણો થાય છે અને તે સાંભળવાને ઘણા શ્રોતાઓ બેસે છે. પણ કેટલાક તો ઝોકા ખાતા હશે. માત્ર સાંભળવાથી બધું મળી જતું હોય, તો પછી બીજું કર્તવ્ય કરવાની જરૂર જ નથી. બ્રાહ્મણો કથા-પુરાણ વાંચે એટલે આપણો ઉદ્ધાર થયો. આમ હિંદુસ્તાનના લોકોને સાંભળવાનો, બોલવાનો અને પોતાનાં વખાણ કરવાનો બહુ શોખ છે. તે કાર્યમાં તેઓ ગાંડાતૂર બની જાય છે. પણ આમ કરતાં જો મૌન ધારણ કરવામાં આવે તો તેથી ઘણું શીખવાનું મળી શકે તેમ છે. બોલવાથી કોઈ જાતનું મનન થઈ શકતું નથી. પણ તમે કોઈ પણ કાર્ય કરશો તો તેમાંથી લોકોને સારાસાર ગ્રહણ કરવાનો મળશે.

પરિષદો અને ભાષણો, એ બધાથી હું થાક્યો છું. કાર્ય કરવા જે મનોબળ જોઈએ તે નહીં હોવાથી પરિષદો મેળવીએ છીએ. મને આ સભાઓમાં અને આ ઠરાવોમાં શ્રદ્ધા નથી. સભાઓ ભરવી અને એમાં ઠરાવો પસાર કરવા એ કેવળ સમયની બરબાદી છે. આપણે માટે હવે પરિષદો ભરવાનો કાળ ગયો છે અને કંઈક કરી બતાવીને છાનામાના બેસી જવાનો કાળ આવ્યો છે. કારણ કે એવું કાર્ય કરી બતાવ્યા પછી જે કાંઈ બોલશે તેની અસર લોકો ઉપર જુદી હશે. આપણે ભાષણો કરવામાં આપણી સામગ્રી લગભગ સાવ વાપરી ચૂક્યા છીએ. આપણા કાનને કે આંખને ખોરાક મળે એ જ કાંઈ પૂરતું નથી. આપણા હૃદયને પણ પોષણ મળવું જોઈએ અને આપણા હાથપગ પણ ચાલવા જોઈએ.

**- મો.ક. ગાંધી, સંકલન-મહેન્દ્ર મેઘાણી, સૌ. ભૂમિપુત્ર**

## શ્રી ઝવેરચંદ મેઘાણીનું પવિત્ર અસત્ય

મેઘાણીને જુના કૌટુંબિક સંબંધોને કારણે એક સંબંધીએ જમવાનું કહ્યું. બહુ આગ્રહને લીધે મેઘાણી ના કહી શક્યા નહીં. માણસ સાધારણ સ્થિતિનો હતો, એટલે ના કહે તો પેલાને એમ લાગે કે હું ગરીબ સગો રહ્યો, તેથી મારે ત્યાં ન આવે. મેઘાણીની માનવતા અહીં આડી આવે. એમણે જમવા આવવાની હા કહી. બીજે દિવસે જમવા ગયા, અને સંબંધીના ઘરના હાલહવાલ જોયા ત્યાં જ એની ગરીબાઈનો પ્રત્યક્ષ ખ્યાલ આવી ગયો. પેલાએ લાપસી પીરસીને ઉપરથી ઘી રેડવા માંડ્યું કે તરત જ મેઘાણીએ કહ્યું કે, મને ઘી ખાવાની ડૉક્ટરે ના કહી છે. મારાથી કોરી લાપસી જ ખાઈ શકાશે. આ અસત્ય હતું; મેઘાણી સમજી ગયા કે આ મને પીરસેલી લાપસીમાં ઘી રેડશે એટલે તો એના કુટુંબને એક મહિના સુધી કોરી રોટલી જ ખાવી પડશે. માનવતાની જે સાહજિક દ્રષ્ટિ હતી તેણે જ એમને આ પવિત્ર અસત્ય કહેવા પ્રેર્યા.

**'ડાયલોગ' માંથી, ચિમનલાલ ત્રિવેદી, નાથાલાલ રૈયારેલા**

## આ અંકમાં


| | | પાના નં. |
|---|---|---|
| રાજવાણી : વિવેકાનંદવાણી | | ૧ |
| ભાષણોમાંથી ક્યારે મુક્ત થઈશું, | મો.ક. ગાંધી | ૨ |
| શ્રી મેઘાણીનું પવિત્ર અસત્ય | ચિમનલાલ ત્રિવેદી | ૨ |
| તંત્રી સ્થાનેથી : ધર્મો રક્ષતિ રક્ષિત: | | ૩-૪ |
| ગાંધીજી પાસેથી મળેલી ઉત્તમ શીખ | વિજયાલક્ષ્મી પંડિત | ૫-૬ |
| હવે ૨ કિલો દહીં કરશે. | નિરવ જાની | ૭ |
| સદ્‌વૃત્તિને નિવૃત્તિ કેવી ? ! | પ્રણવ પંડ્યા | ૮ |
| આ તો ગામ છે કે | હસમુખભાઈ જાદવજી | ૯ |
| ગ્લોબલ વોર્મિંગ | સૌ. વર્ધમાન પરિવાર | ૧૦ |
| સાચો મિત્ર | દીનુભાઈ ચૂડાસમા | ૧૧ |
| સુખ તમારી આદત | મનોજ જોશી | ૧૨ |
| મૌન માટેની અભીપ્સા | ભુપેંદ્ર ત્રિવેદી | ૧૨ |
| શિક્ષણ ધંધો બની ગયો છે | નગીનદાસ સંઘવી | ૧૩ |
| શાકાહારી બનો. | શ્રીરામ સોની | ૧૩ |
| પુણ્ય દાનનો પ્રતાપ | વિનુભાઈ શાહ | ૧૪ |
| કબીરે અનાજની ગુણચોરી | સૌ. પરિત્રાણ | ૧૪ |
| અબ હમ અમર ભય ન મરેંગે | આનંદઘનજી મ.સા. | ૧૫ |
| વૃધ્ધાશ્રમ | જતીન રમેશ દોશી | ૧૬ |

## તંત્રી સ્થાનેથી...

### ધર્મો રક્ષતિ રક્ષિત :

આજની વિષમ અને વિકટ પરિસ્થિતિમાં ધર્મ-એકજ એવી ચીજ છે જે આપણને બચાવી શકે તેમ છે. વિજ્ઞાન એક ધર્મ છે. અને આપણી બુધ્ધિચાર્તુર્યથી એ વિજ્ઞાનધર્મનો આપણે સહુ આજે ભરપેટ ઉપયોગ કરીએ છીએ. અને આપણે માનીએ છીએ કે આ વિજ્ઞાને જ આપણને આ બધા સુખની લહાણી કરી છે. પણ દરેક ચીજની એક કિંમત હોય છે. અને એ ચૂકવ્યા વગર છૂટકો જ નથી. એમ આ આભાસી સુખની બહુ મોટી કિંમત તનાવ, બેકારી, આતંકવાદ, યુધ્ધો અને અનેકરીતે આ વિશ્વમાનવો આજે ચુકવી રહ્યા છે.

પરિવર્તન એ કુદરતનો નિયમ છે. કુદરત એની રીતે પરિવર્તન કરે જ છે. આ વાવાઝોડાઓ, ધરતીકંપ, અતિવૃષ્ટિ, પુરો, યુધ્ધો, આતંકવાદ આ પણ પરિવર્તનની એક કુદરતી રીત છે. આત્મધર્મ એટલે વિવેકથી આપણે વર્તન કરીએ તો / કર્યુ હોત તો આ બધા જ વિપરીત બળો કરતાં પણ શાંત રીતે સુખપૂર્વક સહુને ગમે એવા સાચા સુખની પ્રાપ્તિમાં આપણે સહુ ભાગીદાર બની શકીએ, બની શક્યા હોત. હજી બાજી હાથમાં છે અને જાગીએ તો હજી સમ્યક પરિવર્તનથી સાચા સુખને સહુ પામી શકીએ તેમ છીએ.

અમને જે સુખ મળ્યું છે અને એનો જે આનંદ માણી રહ્યા છીએ તે સહુને મળે એવી ભાવનાથી આ યાત્રા શરૂ થઈ હતી અને હજી ચાલી રહી છે. સુખ એકલા ભોગવી શકાતું નથી, સુખ વહેંચવાથી વધે છે, એકલા સુખ ભોગવવાની ભાવના જ અનેક ભયથી ભરેલ સુખ હોય છે, એ સુખ નહિ, સુખાભાસ હોય છે. એટલે જ જ્ઞાનીઓ કહે છે, ''એ ત્યાગવા સિધ્ધાંત કે પશ્ચાત દુ:ખ તે સુખ નહી.'' આ સુખ કેમ બધાને મળે એ દ્રષ્ટિએ અનેક પ્રયોગો થયા પણ દરેકના કેન્દ્રમાં ''ગોરક્ષા'' રહી હતી એમ અમારો આત્મા સાક્ષી પુરે છે. એટલે જ ગુરૂકૃપાએ આ સુખ વહેંચવાનો સમ્યક્ ઉપાય અમને સુઝ્યો છે, જે હવે પ્રગટ કરીએ છીએ.

આજે વિશ્વ અનેક સમસ્યાઓથી ઘેરાઈ ગયું છે. સહુ એક તનાવ અને ભયગ્રસ્ત હાલતમાં જીવી રહ્યા છીએ. પાછું વળવાની જરૂર છે એ હવે સમજાય છે પણ પાછું કેમ વળવું એ સુઝતું નથી એટલે વિકટવાટ થઈ પડી છે, પણ સમસ્યા છે તો તેનો ઉકેલ હોવાનોજ અને એ શોધવા એ અમારો નમ્ર પ્રયાસ હતો અને છે.

સત્ય અમને જરૂર મળ્યું છે, અનેક રહસ્યો ખુલતા જાય છે, પણ બોલવાથી તો વાદવિવાદ અને વિખવાદ, વિસંવાદ જ થાય તેમ છે તેથી આ મૌન રૂપી બખ્તર પહેરાવી સદગુરૂએ અમને સુરક્ષિત કરી દીધા છે. એ સાથે સદગુરૂએ આપણે સહુ સુરક્ષિત-સહજ સાચા સુખને પામીએ એનો સહેલો, સરળ અને સુગમ ઉપાય બતાવ્યો છે.

આજે ભ્રષ્ટાચારે ચારે તરફથી ભરડો લીધો છે. ''લુંટો ભાઈ, લુંટો-દેશને'' એવી હાલત છે. કરચોરી, દાણચોરી, ગરીબોને મફત ભાવે અનાજ અનામત અને ઓછું હતું તે આ મતના રાજકારણે શીશામાંથી જીનને બહાર કાઢ્યો છે એટલે જગતનો તાત કહેવાતો ખેડૂત બાકી રહ્યો હતો તે પણ હવે કરજ માફીની લાલચમાં સપડાઈ ગયો છે. જે માફીની રકમ છે કરોડોની એટલી જ રકમ જો ચેક ડેમો, તળાવો, નદીઓ ઊંડા કરવી, વગેરે માટે ઉપયોગમાં લેવાય તો ખેડૂતો કાયમી રીતે બધી રીતે સુખી થઈ શકે છે પણ તેની તો કોઈ વાત કે સુચન પણ કરતું નથી. કરજમાફી પણ એક મોટું કૌભાંડ બની જાય તો નવાઈ નહિ.

આ સિવાય આપણે સામાન્ય પ્રજાને રોજ બરોજ જે ભ્રષ્ટાચાર નડે છે તેની તો કોઈને પડી જ નથી. એક પણ ખાદ્ય ચીજ ભેળસેળ વગરની મળવી મુશ્કેલ છે. અનાજ-શાકભાજી અત્યંત ઝેરી કેમીકલ વાળા, કેરી, કેળા ફ્રુટ કેમીકલથી પકવેલા. મરચા, ચા, મસાલાઓમાં લાકડાનું ભૂંસુ, ઘોડાની લાદ, પપૈયાના બી નકલી ઘી અને મુખ્ય દુધ એ પણ ૮૦% નકલી છે એમ સરકારી ડિપાર્ટમેન્ટ કબુલ કરે છે જે દેહ આપણને અત્યંત પ્રિય છે એ કેમ બીમાર પડે, કેમ માનવી સંપત્તિ-સમયથી બરબાદ થાય એવી જ વ્યવસ્થા ચાલી રહી છે. પણ કોઈપણ રાજકીય પક્ષ આ વિષે ન તો વાત કરે છે ન તો તેમના ચુંટણી ઢંઢેરામાં હોય છે. આ રાજકારણે માનવીની ખુમારીને બુંઠી કરીને - કરજમાફી,લેપટોપ, આ ફ્રિ તે ફ્રિ એમ માંગણ બનાવીને આપણને ભિખારી જેવા બનાવી દીધા છે અને દેશને પણ કર્જાના બોજમાં ડુબાડી દીધા છે.

આવા નેતાઓ કેમ આપણને મળે છે ? કારણ છીએ આપણે, આપણે સામાન્ય માનવીઓ પણ અત્યંત ભ્રષ્ટાચાર બીજી અનેક રીતે કરીએ છીએ. આપણો દેશ પ્રેમ માત્ર દેખાડવા પૂરતો, સૂત્રો પોકારવા પૂરતો રહ્યો છે. કાશ્મીરમાં કે અન્ય ઠેકાણે કોઈ જવાન શહીદ થાય છે ત્યારે એમાં આપણો પણ હાથ છે એ આપણે જોઈ શકતા નથી. ચીન-અમેરિકા પાકિસ્તાનને ભરપૂર સહાય કરે છે

પણ આપણે તો ભલે જવાન શહીદ થાય અમે તો ચીની-અમેરિકી માલ ખરીદશું જ.

મિત્રો, આ આખી કોરપોરેટ લોબીની રમત છે. સહુને માલ વેચવામાં જ રસ છે. વિશ્વ એક બજાર બની ગયું છે. શસ્ત્રોની એક વિશાળ લોબી પોતાના શસ્ત્રો ખપાવવા છે અને દુનિયામાં લડાઈ, યુધ્ધો, દંગલ, આતંકવાદ ચાલે તો જ તેમના શસ્ત્રો વેચાય ને! રાજકારણમાં સતાપર દેખાય છે તે તો મોહરા જ છે, ચાલ તો આ કોરપોરેટ સતાની જ ચાલે છે. ભારત એક વિશાળ બજાર છે, એ દુનિયાને સ્પષ્ટ દેખાય છે. અને આ જ આપણી તાકાત છે, આપણું હથિયાર છે. સમય આવી ગયો છે આપણા આ હથિયારનો ઉપયોગ કરી આ બજારને તોડી નાખવાનો.

એટલે ભગવાને અમને જે સુઝાડ્યું છે તેની વાત કરવી છે. સુખી આપણે થવું છે તો પ્રયત્ન પણ આપણે જ કરવો પડશે. આ દુનિયાની રાજનીતિના મારથી બચવાનો ઉપાય આપણા સહુના હાથમાં છે, એ છે.

૧. Be Indian Buy Indian. સ્વદેશીનો જ આગ્રહ.
૨. સ્વચ્છતા ત્યાં પ્રભુતા. આ છે સહકારનું શસ્ત્ર અને બીજું છે અસહકારનું શસ્ત્ર.

આ બંને અર્જુનના ગાંડીવ સમાન શસ્ત્રો આપણા હાથમાં છે. આ બંનેનો ઉપયોગ કરવા માટે કોઈ સંસ્થા, સહકાર, સહાય કે સંપતિની જરૂર નથી. માત્ર આપણો સંકલ્પ જ આપણે સાકાર કરીએ તો આપણી સંગાઠિત અને એકતાનો સંદેશો દુનિયાનો મળી જશે. સહુને સમજાય જશે કે પ્રજા હવે જાગૃત થઈ ગઈ છે. હવે એની સાથે ખેલ રમત થઈ શકશે નહિ.

આપણે ગમે તે સંસ્થા, પક્ષ, પરિવાર કે વ્યક્તિગત આ બંને કાર્યક્રમ જો આપણા જીવનમાં વણી લઈએ તો અન્ય જે ભ્રષ્ટાચારથી આપણા દેહને બીમાર કરવાની જે છુપી ચાલો થઈ છે તે તથા અન્ય જે ભ્રષ્ટાચાર આપણને દુ:ખી કરી રહ્યો છે તેમાંથી ત્વરીત છુટી શકાય છે. સાવ સહેલો સુગમ સરળ ઉપાય ભગવાને બતાવ્યો છે.

અમને ખબર છે આ અતિવિકટ કાર્ય છે, પણ આના જેવો સહેલો કોઈ બીજો અહિંસક, અવિરોધક, અરાજકીય કાર્યક્રમ છે તો બતાવો! સામાન્ય માનવીમાં જે છુપી સંવેદના પડી છે, એની અવગણના કરવા જેવી નથી. નિંદરમાં સુતેલી ભયભીત પ્રજાને ગાંધીજીએ જગાડીને સાબિત કરી દીધેલ છે કે પ્રજામાં સત્વ છે જ માત્ર જગાવવાની જરૂર છે. અને આ કામ માત્ર ધર્મથી જ થઈ શકે છે આ દેશમાં કરોડો સાધુ સંતો બેઠા છે. જો એક એક ગામડું શહેરને આ મોહિમથી જાગૃત કરે તો એક દિવસમાં આ થઈ શકે તેમ છે. જેવા છે તેવા પણ સાધુઓનું એક બહુમાન પ્રજામાં છે એ ભૂલવા જેવું નથી. અને કુદરત આપણી સાથે છે તો કયું કામ અશક્ય છે? ધર્મ જ આપણને સહાયક થઈ શકે તેમ છે.

ગાંધીજીએ આ બંને શસ્ત્રોનો ઉપયોગ કરીને દુનિયાને એનો પરચો દેખાડી જ દીધેલ. સત્યાગ્રહ કે ક્રાંતિ બંનેમાં સાથે રચનાત્મક કાર્યક્રમ હોય તો જ ક્રાંતિ સફળ થાય છે. આ નિયમ છે. સ્વચ્છતા યજ્ઞ એ રચનાત્મક કાર્યક્રમ છે. આપ કહેશો કે આમાં મહત્વની વાત ગોરક્ષાની તો ક્યાંય દેખાતી જ નથી. અરે પ્રભુ, આજુબાજુ, ઉપર નીચે, બધે ગોરક્ષાની જ વાત છે એ જ તો વિશેષતા છે. આ અહિંસક ક્રાંતિની જનની ગાય-ગોરક્ષા જ છે.

છેલ્લા બે વરસમાં મહેશભાઈ મહેશ્વરીનો મેળાપ થયો. એમણે બે ત્રણ કરોડ ખર્ચ કરીને લુંલી લગડી વસુકી ગયેલ દેશી ગોવંશ પણ એકરે રૂપિયા લાખ કમાવી આપે છે એ પ્રયોગોથી સિધ્ધ કરી બતાવેલ છે. એમની વાત વિગતવાર ગો.પા.માં. લખાઈ ગયેલ છે. આ પ્રયોગો કેટલાક સાંસદો, વિધાન સભ્યો ગુજરાત ગોસેવા આયોગના અધ્યક્ષ બધા પ્રત્યક્ષ જોઈને આશ્ચર્ય પામી ગયા છે. માત્ર રાજકીય ઈચ્છા અને સહકાર મળે તો ગોવંશ માલામાલ કરી દે તેમ છે. એક એક પાંજરાપોળો કરોડપતિ બની શકે તેમ છે. પણ બધાને ગાયના નામે રાજકરણ રમવું છે બાકી કાયદા વિના પણ ગાય બચી શકે તેમ છે. એકોય ઢોર રસ્તા પર રઝળતુ દેખાય તો હાથમાં આવે ને! આ સફળ પ્રયોગમાં જો રાજ્ય હાથ મિલાવે તો લાખોને રોજગારી મળે. રાજ્ય પોતે દેવામાંથી મુક્ત થાય અને 'અચ્છે દિન' ની શરૂઆત થાય.

આ પ્રયોગની આછેરી ઝલક આવી છે.

૧. ગાયને શુધ્ધ સાત્વિક ખોરાક મળે, તેનાથી તેના ગોબર ગોમૂત્ર શુધ્ધ મળે, તેનાથી લીકવીડ ખાતર બને જે જમીનને ઝેર મુક્ત કરે અને ઉત્પાદન વધે.
૨. લીકવીડ ખાતર થી ૫૦૦૦ TDS થી વધુ દરિયાના ખારાપાણીથી પણ ઉપજાઉ ખેતી થાય.
૩. ગોબર ગેસ આધારિત કોલ્ડસ્ટોરેજ ગામે ગામ થઈ શકે.
૪. શહેરી કચરો જે માથાનો દુ:ખાવો થઈ પડ્યો છે તે પ્રશ્ન પણ હલ થઈ શકે.
૫. માનવોને પૌષ્ટિક અનાજ ફલફ્રુટ-શાકભાજી મળે જેથી માનવ સ્વસ્થ જીવી શકે.

આ તો માત્ર ઝલક છે. દુધની તો આમાં ગણત્રી જ નથી. 'ગોમય વસતે લક્ષ્મી' એ ખોટી વાત, કલ્પના નથી.

આ હકીકત છે. એટલે જ એને કામધેનું કહે છે. બ્રાઝીલ દેશની આર્થિક તાકાત આ આપણું ગીર ગોવંશ જ છે ને! એમણે ૩૦૦૦ હજાર ગીર ગાયમાંથી ૬૦ લાખ ગોવંશ બનાવ્યા અને આપણે ૬૦ લાખમાંથી ૬ લાખ કરી આ છે આપણી બરબાદીનું ચિત્ર હજી અટક્યા નથી, હમણા જ ૧૦૦૦ જરસી ગાયો-સાંઢ આયાત કર્યા. આપણી ઔલાદ બગાડવા માટે! આ વિકાસ કે વિનાશ! વિનાશ જલ્દી થાય એટલે વિમાન માર્ગે આયાત કરી! અને કૃત્રિમ ગર્ભાધાન (AI) થી આપણી શુધ્ધ બ્રીડનું સત્યાનાશ વળી ગયું છે. આજે કોઈપણ નસલની શુધ્ધ ગોવંશ મળવું કઠીન થયું છે આ હાલત કરી છે મહામુલી આપણી મુડી સમાન શુધ્ધ ગોવંશની આ અગનજળમાંથી હજી કોઈ આપણને બચાવી શકે તેમ હોય તો એ એક માત્ર ગોવંશ ગોરક્ષા જ છે. યાદ રાખીએ કે આપણે પથ્થરયુગમાં પાછા જઈ શકવાના નથી અને એ જરૂર પણ નથી પણ આજ વિજ્ઞાનનો હવે સમ્યક સહુને સંતોષ સુખ મળે એ રીતે ઉપયોગ કરવાનો છે. અને એની ચાવી છે ગોરક્ષા, ગોરક્ષા અને ગોરક્ષા જ.

ગુરુકૃપાએ સહુને સુખ મળે એવો સહેલો સહકાર-સ્વચ્છતા યજ્ઞ અને અસહકાર- Be Indian Buy Indian- આ બંને ઉપાય ભગવાને અમને સુઝાડ્યા છે અને એ જ અમે કહીએ છીએ. જે સુખ આનંદ અમને મળ્યો છે એ બધાને મળે એનો સહેલો અને સરળ સહુ કરી શકી તેવો, વળી અરાજકીય-અસંપ્રદાયિક અને અહિંસક-અવિરોધ એવો આ ઉપાય છે. બોલ, હવે આપણી કોર્ટમાં છે, બોલો આપણી સુખી થાવું છે ?

જે થયું એને ભૂલી જઈએ, હવે એનો શોક કરવો વ્યર્થ છે. પણ હવે સુખ હાથવગું છે તો ચાલો સંગઠિત થઈ વિશ્વશાંતિને માર્ગે આગળ વધીએ. ભારતમાં જ એ શક્યતા છે, હતી અને રહેશે. છેવટે સત્યને પણ સંગઠિત થવું પડશે જ.

આપણે સંકલ્પ કરીએ અને પ્રતિજ્ઞા લઈએ

Be Indian Buy Indian - અને સ્વચ્છતા આ આપણી ફરજ હૃદયપૂર્વક બજાવશું.

આજે આત્મબળ કા અણુબોબં બે જ વિકલ્પ હવે બચ્યા છે. આ છે આત્મબોંબ-આત્મબળની શક્તિ, અહિંસાની શક્તિ સત્યની શક્તિ જે ગાંધીના હૃદયમાં હતો તે આ પ્રયોગ છે.

ગાંધી કબરમાંથી પણ આપણને જગાડી રહ્યો છે.

જાગશું ? **- શ્રી રમેશભાઈ દોશી**

## ''ગાંધીજી પાસેથી મળેલી ઉત્તમ શીખ''

જો કોઈ વાર મને કોઈ પાસેથી ઉત્તમ શિખામણ મળી હોય તો તે હતી દુનિયાની મહાન વિભૂતિમાંના એક એવા મહાત્મા ગાંધી પાસેથી, એક દાયકા પહેલાં.

ઘણા લોકો તન અને મનના દુ:ખમાંથી પસાર થાય છે કે જ્યારે માનવતા વિષેની તેમની માન્યતા છેક તળિયે બેસી ગઈ હોય. હું આવા સમયમાંથી પસાર થઈ રહી હતી કારણ કે તાજેતરમાં મારા પતિનું નિધન થયું હતું. આ ખોટ પછી મને જાણવા મળ્યું કે ભારતીય કાયદાની દ્રષ્ટિએ મારું પોતીકું કોઈ અસ્તિત્વ ન હતું. બીજી ભારતીય સ્રીઓની જેમ વર્ષો સુધી મેં પણ પુરુષો સાથે રહીને ભારતની આઝાદીની ચળવળમાં ભાગ લીધો હતો - જ્યાં સુધી આઝાદી મળી ત્યાં સુધી. છતાં અમે સ્રીઓની ઓળખ અમારા પુરુષો સાથેના સંબંધોથી કાયદાની રીતે થતી હતી.

હવે તો પુત્ર વિનાની વિધવા હોવાને લીધે અમારા કુટુંબની સંપત્તિમાંથી મને ભાગ મળે તેમ ન હતો, મારી બે પુત્રીઓને પણ નહીં. મને ઘણું મનદુ:ખ થયું. અને આ પુરાણા કાયદાને ટેકો આપનાર મારા કુટુંબના સભ્યો તરફ મારામાં કડવાશ ઊભરાઈ આવી. આવા સમયે મારે એક પરિષદમાં હાજરી આપવા અમેરિકા જવાનું હોવાથી પ્રણામ સાથે ગુડ બાય કહેવા મહાત્મા ગાંધી કને ગઈ. અમારી વાત પછી ગાંધીજીએ પૃચ્છા કરી કે મેં મારાં સગાં સાથે શાંતિવાર્તા બનાવી છે કે નહીં. મારી વિરુદ્ધ કંઈક કહે એ જાણીને મને નવાઈ લાગી. મેં જવાબ આપ્યો, ''હું કોઈની સાથે લડી નથી. પરંતુ, પુરાણા કાયદાઓનો આશરો લઈને મને ઉતારી પાડવા જેઓ માંગે છે તેમની સાથે મારે કંઈ લેવાદેવા નથી.''

એક ક્ષણ માટે ગાંધીજીએ બારીની બહાર જોયું પછી મારી તરફ ફર્યા, હસ્યા અને બોલ્યા, ''તારે તેમને ગુડબાય કહેવા જવું જોઈએ, કહેવું જોઈએ કે તારે અમેરિકા જવાનું હોવાથી શુભેચ્છાઓ માટે મળવા આવી છું. કારણ કે વિવેક તેમજ શિષ્ટાચાર તેમ કરવા કહે છે. વળી આપણે આવી બાબતોને મહત્તા આપીએ છીએ.'' મેં કહ્યું, ''નહીં. તમને ખુશ કરવા પણ નહીં. જેઓ મને ઈજા પહોચાડવાનું કાર્ય કરે છે તેમને નહી મળું.'' તો ગાંધીજીએ હજુ હસતાં હસતાં કહ્યું, ''તમારી પોતાની જાત સિવાય તમને કોઈ ઈજા પહોંચાડી શકે નહીં. જો તું ચેક કર તો જણાશે કે તારા હૃદયમાં પૂરતી કડવાશ ભરી છે જે તને નુકસાન કે ઈજા કરી શકે. અને, હું એ જોઈ રહ્યો છું.'' હું મૌન રહી. વળી ગાંધીજીએ કહ્યું, ''તું નવા

દેશમાં જઈ રહી છે કારણ કે તું દુઃખી છે અને છટકવા માંગે છે. શું તું તારી જાતમાંથી છટકી શકશે? Can you escape from yourself? જ્યારે તારા હૃદયમાં કડવાશ ભરી છે તો તને બહાર સુખ પ્રાપ્ત થઈ શકશે? ફરી વિચાર કરી જો. થોડીક નમ્ર બન. તેં તારો પતિ ગુમાવ્યો છે. અને એ દુઃખ જ પૂરતું છે. શું તું તારી જાત ઉપર વધુ ઈજા પહોંચાડવા માંગે છે. કારણ કે હૃદયને શુદ્ધ કરવા માટે તારી પાસે હિંમત નથી?''

ગાંધીજીના શબ્દો મારા મનનો પીછો છોડતા ન હતા. મને કોઈ શાંતિ મળી નહીં. પરંતુ, મારી જાત સાથે ઘણી મથામણ પછી, મેં મારા સ્વર્ગસ્થ પતિના ભાઈને ટેલિફોન કર્યો કે હું તેમને તેમજ કુટુંબને મળવા આવી રહી છું. કારણ કે મારે અમેરિકા જતાં પહેલાં તેમને મળવું હતું. હું એમને મળવા ગઈ. અને પાંચ જ મિનિટ નથી થઈ અને મને લાગ્યું કે જાણે દરેકના ચહેરા પર રાહતની લાગણી દેખાઈ રહી હતી. મેં તેમને બધાંને મારી યોજના વિષે જણાવ્યું અને શુભેચ્છાઓની માગણી કરી. અને, આની જાદુઈ અસર થઈ. મને લાગ્યું જાણે મારા મન ઉપરથી મોટો બોજ હટી ગયો છે અને મને ઘણી રાહત થઈ.

આ નાનકડી ચેષ્ટાથી પછી મારામાં ઘણો બદલાવ આવ્યો. આ બન્યા પછીનાં દોઢ વર્ષ બાદ હું યુનો ખાતે ન્યૂયોર્કમાં ભારતીય પ્રતિનિધિમંડળની લીડર હતી. અને સાઉથ આફ્રિકામાં ભારતીય વંશના લોકોને કનડગત બાબતે તે દેશ સામે ભારતની ફરિયાદ હતી. ચર્ચાઓ વખતે વાદવિવાદ થતા હતા અને ભારત તેમજ દક્ષિણ આફ્રિકાના ડેલિગેશનના નેતાઓ વચ્ચે ઉગ્ર ચર્ચાઓ થતી હતી અને ઘણી વાર અંગત આક્ષેપો પણ થતા હતા. તે વખતે મને ગાંધીજી યાદ આવ્યા. મને મનમાં થયું, ''શું તે માન્ય રાખે કે? સ્વભાવ ગુમાવીને લડવાની નવી રીતો અજમાવીને જો ઠરાવ આપણી તરફેણમાં પાસ કરાવીશું તો શું તે યોગ્ય હશે?'' રાત્રે સૂવા જતી વખતે મેં મનમાં નક્કી કર્યું કે હવે શબ્દો હળવા વાપરીશું. અને પછી અમે ચર્ચા જ્યાંથી શરૂ થયેલ ત્યાં લાવ્યા તથા અંગત શાબ્દિક હુમલા કરવાનું બંધ કર્યું. સામેવાળા ડેલિગેશનના સભ્યો અમને મળ્યા અને વિષયની યોગ્યતા ઉપર ચર્ચા કરવાનું ગોઠવ્યું. કમિટીરૂમ છોડતાં પહેલાં હું સામેના નેતાને મળી અને કહ્યું, ''ચર્ચામાં મારે લીધે જો તમને કંઈ દુખ થયું હોય તો મને માફ કરશો.'' તો તેમણે મારી સાથે આનંદી શેક હૅન્ડ કરી અને કહ્યું, ''ના, મારે કોઈ ફરિયાદ નથી.'' મારી જાત સાથે મેં આનંદની લાગણી મહેસૂસ કરી અને લાગ્યું જાણે ગાંધીજીએ ફરીથી મારી જાતથી બચાવી.

અરે! નાની નાની બાબતોમાં પણ ગાંધીજીના શબ્દોએ મને મારા પોતાના તનાવમાંથી મુક્ત થવા માટે અઢળક મદદ કરી છે. તાજેતરમાં, યુનાઈટેડ કિંગડમ (U.K.) માં ભારતના હાઈ કમિશનર તરીકે મેં એક ડિનર પાર્ટીનું મારે ત્યાં આયોજન કરેલ. ગ્રેટ બ્રિટનના વડા પ્રધાન તેમજ લેડી એડન તેમજ બીજા મહેમાનો પધારેલ. તે વખતે ડ્રિન્કના બે રાઉન્ડ તો થઈ ગયેલા છતાં બટલર તેમજ હાઉસકિપર ડિનર ગોઠવતા ન હતા. ત્રીજું રાઉન્ડ પણ ડ્રિન્કસનું પૂરું થયું. હું નીચે કિચનમાં ગઈ તો મારો રસોઈયો ટેબલ પાસે બેઠો હતો. તેની આંખો લાલ હતી અને જાણે કે તે બીજી દુનિયામાં હતો. ઘણો પીધેલ જણાયો. તે કહેતો હતો કે ડિનર તૈયાર છે. હાઉસકિપર તેમજ કિચનમાં કામ કરતી બાળા ગભરાઈ ગયેલ હતાં. કૂક બોલ્યા કરતો હતો, ''Madame All ready Everybody Sit down, Sit down. હું ક્રોધાયમાન થઈ ગઈ. મને થયું કે એને કહી દઉં કે ગેટ આઉટ, યૂ આર ડિસ્મિસ્ડ. પરંતુ, મને મહાત્માજીની સલાહ યાદ આવી ગઈ કે જો હું પિત્તો ગુમાવીશ તો તે મને પોતાને જ દુઃખ પહોંચાડશે. મેં કહ્યું, ''ચાલો ડિનર ગોઠવો. બધાં આવી જાઓ.'', વળી, ડિનર, આપેલ મેનુકાર્ડ પ્રમાણે ન હતું. મેં જ્યારે બધાંને શું બન્યું હતું તેની જાણ કરી ત્યારે બધાં હસી પડ્યાં અને કહેવા લાગ્યાં, ''તમારો કૂક જ્યારે પીધેલ હોય ત્યારે આવું ભોજન બનાવે છે. તો જ્યારે હોશ (Sober)માં હોય ત્યારે કેવું બનાવતો હશે? બધાં ફરીથી ખડખડાટ, મુક્તપણે હસી પડ્યા. મને ત્યારે લાગ્યું કે ડિનર પાર્ટી ગમે તેટલી અગત્યની હોય પરંતુ, તે આપણા અસ્તિત્વની ધરી તો ન જ હોઈ શકે.'' પોતાની જાતનું યથાદર્શન જાળવી રાખવા માટે હૃદયને ધૃણા તેમજ તિરસ્કારની વૃત્તિથી મુક્ત રાખવું જરૂરી છે. આપણું કાર્ય ભલે ગમે તે હોય, પરંતુ, આપણે દરેકને માટે ગાંધીજીની શિખામણ અમૂલ્ય છે અને એ છે - ''No one can harm you but yourself'' તમને કોઈ ઈજા પહોંચાડી શકે નહીં - સિવાય કે તમે પોતે કેટલી અને કેવી અદ્ભુત શીખ! **મુળ લેખક: શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિત, ભાવાનુવાદ: ડૉ.બી.ટી. ત્રિવેદી**

<u>**નોંધ:**</u> (શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતે ૧૯૫૫માં આ લેખ ''The Best Advice I Ever had''રિડર્સ ડાયજેસ્ટ માટે લખેલ તાજેતરમાં આર.ડી.ના નવેમ્બરના અંકમાં તે RD Classic તરીકે પ્રકાશિત થયો છે. શ્રી વિજયાલક્ષ્મી પંડિત સન ૧૯૯૦ માં પ્રભુને પ્યારા થયેલ છે. આ લેખ ઉપરોક્ત ક્લાસિકનો ભાવાનુવાદ છે.)

## હવે ૨ કિલો દહીં કરશે ૨૫ કિલો યૂરિયાનું કામ

રાસાયણિક ખાતરો અને કીટનાશકો વાપરવાથી થનાર નુકસાન પ્રતિ ખેડૂતો સજાગ થઈ રહ્યા છે. જૈવિક ખેતીના કારણે ઉત્તર બિહારના લગભગ ૯૦ હજાર ખેડૂતોએ યુરિયાને હાથ જોડી દીધા છે. એના બદલે દહીંનો ઉપયોગ કરી ખેડૂતોએ અનાજ, ફલ, શાકભાજીના ઉત્પાદનમાં ૨૫ થી ૩૦ ટકા વધારો કરી બતાવ્યો છે.

૨૫ કિલો યૂરિયા જેટલું કામ ફક્ત ૨ કિલો દહીં કરી રહ્યું છે. યૂરિયાની તુલનામાં દહીંના મિશ્રણનું છંટકાવ વધારે અસરકારક સાબિત થઈ રહ્યું છે. બિહારના ખેડૂતોનું માનો તો યુરિયા થકી પાક લગભગ ૨૫ દિવસ સુધી અને દહીંના પ્રયોગથી પાક ૪૦ દિવસ સુધી લીલોછમ રહે છે.

ખેડૂતો કહે છે કે આંબો, લીચી, ઘઉં, ચોખા અને શેરડી ના પાકોમાં આ પ્રયોગને સફળતા મળી છે. પાકને પર્યાપ્ત માત્રામાં અને લાંબા સમય સુધી (નાઈટ્રોજન) અને (ફૉસ્ફોરસ) મળતા રહે છે. કેરમાં ગામના ખેડૂતભાઈ શ્રી સંતોષકુમાર કહે છે કે લગભગ બે વર્ષોથી તેઓ આ પ્રયોગ કરી રહ્યા છે અને તેમને ઘણા અંશે સફળતા મળી છે. લીચી અને કેરીનાં ઉત્પાદનનો વધારો થયો છે.

આંબા અને લીચીમાં મહોર લાગવાના લગભગ ૧૫ થી ૨૦ દિવસ પહેલા આ મિશ્રણનો પ્રયોગ કરવો. એક લીટર પાણીમાં ૩૦ મિ.લી. વલોવેલા દહીંનું મિશ્રણ મેળવીને દ્રવ્ય તૈયાર કરવો. આ દ્રવ્યથી સંપૂર્ણ ઝાડના પાલાને ભીંજવી દેવો અથવા ફુંવારો કરી ભીંજવી દેવો. ૧૫ દિવસ પછી ફરી આવો છંટકાવ કરવો.

આનાથી લીચી અને આંબાને પર્યાપ્ત માત્રામાં ફોસ્ફરસ અને નાઈટ્રોજન મળે છે, જે મંજરીને ઝડપથી વધવા માટે મદદ મળે છે. બધા ફળ લગભગ સમાન આકારના તૈયાર થાય છે. કાચા ફળો ખરી પડવાની માત્રા ઘટે છે.

### દહીંનું મિશ્રણ તૈયાર કરવાની રીત

એક માટીના વાસણમાં દેશી ગાયનું ૨ લીટર દુધ લઈ દહીં મેળવવા મુકવું. દહીં તૈયાર થાય એટલે તેમાં પીતળ અથવા તાંબાનું વાસણ ડુબાડી આઠ થી દસ દિવસ ઢાંકીને રાખવું. આમ કરવાથી દહીમાં લીલો અથવા નીલો રંગ પકડાશે. ત્યારબાદ એ વાસણ કાઢી તેને ધોવું અને ધોવાણનું પાણી દહીંમાં નાખવું. એજ દહીંમાં ત્રણ લીટર પાણી નાંખી વલોવી લેવું. આમ કરવાથી માખણ જેવો ભાગ ઉપર તરી આવશે જે જંતુનિયંત્રક છે. આ માખણમાં વર્મી કંપોસ્ટ મેળવી દરેક ઝાડના મૂળિયામાં નાંખો. આમ કરવાથી ઝાડમાં ઉધઈ તેમજ બોરરકીડા લાગતા નથી. આ મિશ્રણ નાના બાળકોના સંપર્કમાં ના આવે તેનો વિશેષ ખ્યાલ રાખવો.

વધેલા દહીંનું મિશ્રણ એક એકરમાં ઉગતા પાક માટે પુરતુ પડે તેટલું પાણી મેળવી વાપરવું. આ મિશ્રણ વાપરવાથી પાકને જરૂરિયાત મુજબ નાઈટ્રોજન અને ફોસ્ફરસ મળતા રહે છે. આ મિશ્રણ વાપરવાથી પાક અંતિમ સમય સુધી તંદુરસ્ત રહે છે.

### ખેડૂતોની વાચા

સકશ ગામના ઈનોવેટીવ કિસાન સમ્માન વિજેતા શ્રી દિનેશકુમાર કહે છે કે મકાઈ, શેરડી, કેળા, શાકભાજી, આંબા, લીચી જેવા બધા પાકમાં આ પ્રયોગ સફળ થયો છે. આત્મહિતકારીણી સમૂહના ૯૦ હજાર ખેડૂતો આ પ્રયોગ કરી રહ્યા છે.

એમને જોઈને મુજફફરપુર, વૈશાલી જિલ્લાના તથા દિલ્હીના અમુક ખેડૂતોએ પણ આ પદ્ધતિ અપનાવી છે.

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદે માર્ચ ૨૦૧૭ માં ઈનોવેટીવ કિસાન સમ્માન પુરસ્કાર મુજફરપુર ના સતીશકુમાર દ્વિવેદી ને આપ્યો. તેઓ કહે છે કે જે ખેતરોમાં કાર્બન તત્ત્વ હોય છે એમા આ પ્રયોગ કરવાથી પાકમાં ૩૦%ની વૃધ્ધિ થાય છે. એ જ મિશ્રણમાં વાટેલી મેથી અથવા તો લીમડાનું તેલ મેળવી છંટકાવ કરવાથી પાક પર ફંગસ લાગતો નથી. આ પ્રયોગ કરવાથી પાકને નાઈટ્રોજન પુરુ પડે છે. તેમજ મિત્ર કિટકોને નુકસાન થતું નથી, અને શત્રુ કિટકથી બચાવ થાય છે.

**- (ઈન્ટરનેટ પરથી) સૌ. નિરવ જાની,**
**અનુ. સંપ્રતિ શાંતિલાલ ગડા**

ગૌરક્ષા પાત્રની WEBSITE કાર્યરત થઈ ગઈ છે. એનું સરનામું છે www.gorakshapatra.org દુનિયાના કોઈ પણ ખૂણામાં, જ્યાં પણ ઈન્ટરનેટ ઉપલબ્ધ છે, ત્યાંથી આ માસિક વાંચી શકાશે. આ ઉપરાંત વેબસાઈટ ઉપર ગૌરક્ષા પાત્રના જુના અંકો (૨૦૧૫ થી), રમેશભાઈના કંઠે ગવાયેલ ભજનો તથા તેમની નર્મદા યાત્રાનું વર્ણન જેવુ ઘણુ બધુ ઉપલબ્ધ છે. તો વાંચકમિત્રો, પરદેશમાં વસતા તમારા સ્નેહીજનો ને આ વિશે જાણકારી આપવા વિનંતી. વળી ઉપરોક્ત વેબસાઈટ સ્માર્ટફોન પર પણ ઉપલબ્ધ હોવાથી આપના કુટુમ્બના યુવા વર્ગ ને પણ એ વિશે જરૂરથી જણાવશો.

**- લિ. સંપાદક મંડળ**

## શિક્ષણ પ્રવૃત્તિ સદ્‌વૃત્તિને નિવૃત્તિ કેવી ? !

(શિક્ષક જાણે છે કે સમય હંમેશા કોર્સ બહારના સવાલ જ પૂછે છે !)

મે મહિનાના અંતે ઘણા શિક્ષક મિત્રો નિવૃત્ત થાય છે. બીજા નોકરિયાત કરતાં શિક્ષકને આ લાભ વિશેષ મળે. વય મર્યાદા વર્ષમાં ગમે ત્યારે પૂરી થાય, શિક્ષક જે તે સત્ર પુરું થાય ત્યારે જ નિવૃત્ત થાય. આમ પણ આખી જિંદગી જેણે સંસ્કારના સૂત્ર સાથે કામ કર્યું હોય તેને સત્રનો લાભ તો મળવો જ જોઈએ! ક્લાસમાં કલબલતું બાળપણ, મેદાનમાં મહોરેલો ઊમંગ, ઊંચી થયેલી આંગળીના ટેકે શમવા મથતું વિસ્મય... આ બધું છૂટી રહ્યું હોય ત્યારે આંખ ભીની ન થાય તો જ નવાઈ. કાયમ બ્લેકબોર્ડ લૂછનારથી સ્વયંની આંખો લૂછી શકાતી નથી.

શાળાનો છેલ્લો દિવસ વિતાવીને, કારકિર્દીને ઉજવીને શાળાનું પગથિયું ઉતરતાં શિક્ષકની અનુભૂતિ કિશોર બારોટ નામના કવિ હુબહુ ઝીલે છે

હૈયાનાં દફ્તરમાં કાળજીથી સંઘરુ
હું કલરવનો કૂણો અજવાસ
શાળાનો છેલ્લો આ દિવસ છે,
કાલથી તો વેઠવાની કાયમી અમાસ
આંગળીમાં ઉગાડ્યો અક્ષરનો બાગ
અને કંઠોમાં ઘડીયાના સૂર
ગાંધી, અશોક, બુદ્ધ, શિવાજી
કલાસમહીં પ્રગટેલા હાજરાહજૂર
કાળ તણા હાથ વડે વાગ્યો છે બેલ
અને બદલાયો જીવતરનો તાસ

શિક્ષક સદાય તરોતાજા રહે છે કારણ એણે કાયમ નવા ઉન્મેષો સાથે કામ કરવાનું હોય છે. નવી કુંપળોને મહેકતાં શીખવતો શિક્ષક પોતે પણ પમરાટ પામતો રહે છે. આ કામ છે સુગંધ સર્જવાનું; પણ અત્તરિયા જેવું નહીં, માળી જેવું. શિક્ષકને રો મટીરીયલ તરીકે નવું નક્કોર વિસ્મય મળે છે. આ વિસ્મયને ખોલી નાખવામાં આવે તો એ પાંખડીની જેમ ઊઘડી જાય, એના પર ઢાંકણું લગાવી દેવાય તો એ કૃત્રિમતામાં કુંઠિત થઈ જાય. બાળકના કુતૂહલને શિક્ષક ક્યારેક આંગળી ચીંધીને, ક્યારેક આંગળી પકડીને તો ક્યારેક તેડી લઈને પણ કારણની કેડી પર વાળવાનું હોય. શિક્ષક માટે કોર્સ જેટલો જ અગત્યનો લાઈફ ફોર્સ હોય છે. શિક્ષક જાણે છે કે સમય હંમેશા કોર્સ બહારના સવાલ જ પૂછે છે. શાળાના નિયત અભ્યાસક્રમના નિમિત્તથી શિક્ષક જીવનના અનિયત ઘટનાક્રમને જીરવતા શીખવે છે. એ શીખવે છે સંજોગોના પ્રશ્નોના ઉત્તર આપતા, ખાલીપાની ખાલી જગ્યા ભરતા, સંબંધોના જોડકા જોડતા, યોગ્ય વિકલ્પો પસંદ કરતા, સુખના નકશાઓ પૂરતાં, કાગળ પર રંગ અને હૈયા પર ઉમંગ ભરતાં, સમીકરણ દ્વારા અંત:કરણ સંતુલિત કરતાં, પ્રેક્ટિકલ કરાવી પ્રેક્ટિકલ બનાવતાં, મેદાનની હારજીતને જીવનના મેદાનમાં સ્વીકારતા અને આમ કરતાં કરતાં એ એમ પણ શીખવે છે કે જ્યારે કોઈ પ્રશ્નનો જવાબ ન આવડે ત્યારે પ્રશ્નાર્થમાં વીંટાઈ જવાને બદલે અલ્પવિરામનો વિવેક કેમ જાળવી રાખવો, પોતાનો વિદ્યાર્થી શાળાની પરીક્ષામાં ગુણ અને જીવનની પરીક્ષામાં સદ્‌ગુણ જાળવી રાખે એ જ એની પ્રવૃત્તિ હોય તો આ પ્રવૃત્તિ નથી સદ્‌વૃત્તિ છે. અને નિવૃત્તિ તો પ્રવૃત્તિને હોય, સદ્‌વૃત્તિ તો શાશ્વત છે. અને એટલે નિવૃત્તિ પછી પણ શિક્ષણની સદ્‌વૃત્તિ કોઈને કોઈ સ્વરૂપે સંચરતી રહે છે. જે સ્વયં શિક્ષક રહી ચૂક્યા છે એવા લોકશિક્ષક મોરારિબાપુ પાસેથી એક પ્રસંગ સાંભળેલો :

બ્રિટનમાં કોઈ સ્ટેડિયમમાં ચાલી રહેલી મેચ દરમિયાન કોઈ આવારા તત્વોએ પ્રેક્ષાગૃહમાં બેઠેલી છોકરીઓની છેડતી શરૂ કરી. પાસે બેઠેલા નિવૃત્ત લશ્કરી અધિકારીથી એ સહન ન થયું અને એણે પેલાં મવાલીઓને ધોલાઈ કરી બહાર કાઢવા લાગ્યો. ત્યારે આજુબાજુના લોકોએ કહેવું શરૂ કર્યું કે તમે શું કામ વચ્ચે પડો છો, તમે તો લશ્કરમાંથી રીટાયર્ડ છો. અધિકારીએ એક જ વાક્ય કહ્યું- રીટાયર્ડ છું, પણ એક્સપાયર્ડ નથી! શિક્ષક પણ રીટાયર્ડ થઈ શકે, એક્સપાયર્ડ ન થઈ શકે. એ કાયમ રહે.

શિક્ષકનું નિવૃત્તિ સન્માન થાય કે ન થાય, વાગ્દેવીને સન્માનનીય લાગ્યા હોય એ જ શિક્ષક થાય! શિક્ષક પગારદાર હોઈ શકે, શિક્ષકત્વ તો સદાય પૂજનીય જ રહેવાનું.

**'' ચાર્જિંગ પાઈન્ટ :**
તમે પગભર બનજો
કેમકે તમારે ટકવાનું છે.
બટકણા ચોકથી બ્લેકબોર્ડમાં લખતો શિક્ષક
વજ્ર જેવા મનુષ્યોનું નિર્માણ કરે છે
એટલી શ્રદ્ધાના બળ પર તમે ટકજો.''

**- રમેશ પારેખ,**

**લે. પ્રણવ પંડયા, ''જન્મભૂમિ પ્રવાસી''માંથી**

**વિકલ્પ એ શ્રધ્ધાનું મહાન આવરણ છે. જેની શ્રધ્ધા પવિત્ર છે, એને અસમ્યગ્ પણ સમ્યગરૂપે પરિણમે છે.**

# આ તો ગામ છે કે ધરતી પરનું સ્વર્ગ

સૌરાષ્ટ્રમાં સૌથી નોંધપાત્ર ગામ તરીકે રાજકોટથી ૨૨ કીલોમીટર અંતરે આવેલા રાજસમઢિયાળાનું નામ દરેકના હોઠ પર આવી જાય. આ ગામડાની ડોક્યુમેન્ટરી પાંચ વખત દુરદર્શન પર દેખાડવામાં આવી ચુકી છે. 'સુરભિ' સિરિયલમાં પણ તે ચમક્યું હતું. કોઈ એમ કહે કે રાજસમઢિયાળામાં રામરાજ્ય છે તો તેમાં અતિશયોક્તિ નથી. કારણ કે આ ગામમાં કોઈ ઘરને તાળું મારતું નથી. બપોરે દુકાન ખુલ્લી મુકીને વેપારી જમવા ચાલ્યા જાય છે.

ગ્રાહક આવે તો પોતાને જોઈતી વસ્તુ લઈને તેની કિંમત ગલ્લામાં મુકી દે છે. ગુટખાવિરોધી ઝુંબેશની ગમે તેટલી પ્રેસનોટ છપાય કે શપથ લેવાય, તેનું પરિણામ જોવા મળતું નથી, પણ રાજસમઢિયાળામાં ગુટખા વેચવા પર જ પ્રતિબંધ છે અને એ કોઈ તોડતું નથી. ગ્રામપંચાયતની દુકાને રાહતભાવનું કેરોસીન વેચાય છે, પણ કેરોસીન લોકો જાતે લઈ લે છે. કોઈ ચોરી કરતું નથી. થોડાં વરસો પહેલાં ગામમાં ચોરી થઈ હતી. બીજા દિવસે એક ભાઈએ ગ્રામપંચાયતમાં ચોરીની જાહેરાત કરી કે તરત તેમને વળતર પેટેના સાઈઠ હજાર રૂપિયા ચુકવી દેવામાં આવ્યા. આ તમામ વાતોનો સઘળો જશ રાજસમઢિયાળાના હરદેવસિંહ જાડેજાને જાય છે. એમ.એ.નું ભણીને એસઆરપીમાં જોડાયેલા હરદેવસિંહ જાડેજાનું મન અકળાયું એટલે નોકરી છોડી દઈ ગામની વાટ પકડી લીધી, પણ એ પછી તેમણે ગામને એવું કંડાર્યું કે બીજાં ગામો રાજસમઢિયાળાના માર્ગે ચાલવા મજબૂર બન્યાં છે. 'હિન્દુસ્તાન' ના પત્રકાર વિજેન્દ્ર રાવતે તો લખ્યું પણ ખરું કે ભારત કે ઈસ ગાંવ કે પદચિન્હો પર ચલેં તો દેશ કે ગાંવો કા ઉદ્ધાર નિશ્ચિત હૈ. હરદેવસિંહ ૧૯૭૮માં આ ગામના સરપંચ બન્યા પછી આ ગામે આખા ભારતભરમાં પ્રસિદ્ધિ મેળવી છે. સરપંચ બન્યા પછી હરદેવસિંહે કચરો નાખવાનો, જુગાર રમવાનો, દારૂ પીવાનો કે ઝઘડા વખતે પ્રથમ ગાળ બોલનારને દંડ કરવાનો નિયમ કર્યો અને પ્રથમ વરસે ૩૦,૦૦૦ રૂપિયા દંડ વસુલ કર્યો. 'ભૂવા નાબૂદી'નું સુત્ર આપ્યું. બાળકદીઠ એક વૃક્ષ વાવવાનો નિયમ કર્યો અને તેના કારણે ગામની ફરતે ઘટાદાર વૃક્ષો ઉગાડાયાં. ઘરો ઉદ્યાન જેવા બની ગયાં. તમે રાજસમઢિયાળા જાઓ તો હરદેવસિંહ ગ્રામપંચાયતની ઓફિસેથી સીધા જ હરિજનવાસમાં લઈ જાય અને કોઈ રીસોર્ટ જેવો હરિજનવાસ જોઈને આભા થઈ જવાય. હરદેવસિંહે ગામ ફરતે પાળા કરાવીને વહી જતું પાણી રોકાવ્યું. તેને કારણે ગામ અને જમીનનાં તળ સુધર્યાં. પાણીની છૂટ થઈ ગઈ. રાજસમઢિયાળાની વસતિ પૂરા બે હજાર માથાંની નથી, પણ તે વાર્ષિક ૩૫૦૦૦ મણ ઘઉં અને સાત હજાર મણ કપાસનું વાવેતર મેળવે છે, બીજા પાક જુદા. વરસે પચાસ લાખથી વધારે કિંમતનાં તો આ ગામ શાકભાજી વેચે છે. અહીં ગામના દરેક વોકળા પર ચેકડેમ બનાવી લેવામાં આવ્યો છે. એને કારણે ચોમાસાનું પાણી તળમાં ઉતરે છે. ગામની સીમામાં ધીમે ધીમે કરતાં ૫૧૦૦૦ વૃક્ષો પણ વાવ્યાં છે. લોકોનું તો એવું છે કે ફાયદો જુએ તો શ્રદ્ધા બેવડાઈ જાય. હરદેવસિંહ જાડેજાને કારણે ગામ સ્વચ્છ, સુરક્ષિત અને સમૃદ્ધ બન્યું, એટલે તેમને ખોબલે ખોબલે સહકાર મળવા માંડ્યો. હરદેવસિંહની ઈચ્છા સ્ટેડિયમ બાંધવાની હતી તો ગામલોકોએ સામેથી જમીન આપી દીધી. સ્ટેડિયમમાં ક્રિકેટની પાંચ ટર્ફ વિકટ બનાવવામાં આવી છે. હરદેવસિંહ જાડેજા કહે છે 'આ સ્ટેડિયમ પહેલાં અમે ગામના દરેક ઘરની પ્રાથમિક સુવિધાની દેખભાળ કરી હતી. અમારા આખા ગામમાં અત્યારે સિમેન્ટના રસ્તા બની ગયા છે. હવે અમે પ્લાસ્ટિક નાબૂદીની ઝુંબેશ ઉપાડી છે. પ્લાસ્ટિકનો કચરો ફેંકે તેને ૫૧ રૂપિયા દંડ અને જેના ઘર પાસે એ કચરો પડ્યો હોય તેનો અગિયાર રૂપિયા દંડ અમે લઈએ છીએ. મારે રાજસમઢિયાળા ફરતે એક લાખ વૃક્ષો વાવવાં છે એટલે તેનો ટાર્ગેટ બધાને આપી દીધો છે. મારો ટાર્ગેટ સૌથી મોટો રાખ્યો છે. મારી જમીનમાં હું દસ હજાર વૃક્ષો વાવવાનો છું. પાંચ હજાર જેટલાં જામફળ અને સીતાફળ તો વાવી દીધાં છે. ૩૫૦ આંબા વાવ્યા છે.'

રાજસમઢિયાળાની સમૃદ્ધિ જોઈને તેની આજુબાજુનાં પંદરેક ગામો પણ તેને પગલે ચાલવા માટે તૈયાર છે. ખોબડદળ, અણિયારા, લીલી સાજડિયાળી, ભૂપગણ, લાખાપર, ત્રંબા જેવાં આ ગામોમાં ૧૩૦ જેટલા ચેકડેમો બનાવવામાં આવ્યા છે. લીલી સાજડિયાળી ગામમાં સરપંચની ચૂંટણી નહીં, પણ પસંદગીથી ચૂંટાશે એવો નિર્ણય લેવાઈ ગયો છે. જ્યાં પસંદગી હશે ત્યાં જ ગામનો વિકાસ ઝડપથી થશે એવું માનતા હરદેવસિંહ જાડેજાને આજથી દશ વરસ પહેલાં અમે પૂછેલું કે તમારા ગામ માટે છેલ્લે નવું શું કર્યું એ કહો ? તો તેમણે કહ્યું કે, 'ઉપગ્રહ મારફત મળેલી તસવીરોમાં જિયોલોજિક સર્વે કરાવીને અમે વર્ષો અગાઉ થયેલા ધરતીકંપથી થયેલી તિરાડો (ફ્રેક્ચર) શોધીને તેમાં પાણી ઉતાર્યું છે, એ કારણે અમારા ગામનાં તળ એક કિલોમીટર જેટલે ઊંડે સુધી પાણીવાળાં બન્યાં છે. આ દુષ્કાળમાં પણ અમારા ગામના એક કૂવામાં (ઉપરથી) દસ ફૂટ પાણી હજુ આજે પણ છે.' - **પ્રેષક : હસમુખભાઈ જાદવજી, સૌ.ધર્મદ્વાર**

## ગ્લોબલ વોર્મિંગની સર્જનહાર જર્સી ગાયની આયાત

ઓઝોનના લેયરમાં જેના ઓડકાર માત્રથી ગાબડાઓ પડે છે અને જેના ગોબરમાંથી ગ્રીન હાઉસ ગેસનું સર્જન થાય છે તેવી ૧૦૦૦ જર્સી ગાયોને ઈમ્પોર્ટ કરવાનો ભારત સરકારે આદેશ આપ્યો છે. નાસિકથી દેશી બ્રીડના ૧૭૦૦૦ ઘેટા અને બકરાઓને ફ્લાઈટ દ્વારા આ વખતે ૩૧ ઓગસ્ટ ૨૦૧૬ પહેલા એક્સપોર્ટ કરવામાં આવ્યા અને જે જર્સી ગાયનું એ-૧ મિલ્ક આખા દેશમાં યુરેનિયમ બોમ્બ પડે તેનાથી પણ વધારે નુકસાન કરી શકે તેમ છે તેને આયાત કરવામાં આવે છે.

તામીલનાડુમાં ચેન્નઈ એરપોર્ટ ઉપર ૫૪૦ જર્સી ગાયોને લાકડાના મોટા મોટા બોક્સમાં ૭૫૮૪ કિલો મીટર દૂર સ્વીટ્ઝરલેન્ડથી અહીં લાવવામાં આવી અને જ્યારે જલિકુટ્ટી પ્રશ્ને સમગ્ર તામીલનાડુમાં દેશી બ્રીડને સાચવવાના નામે મસમોટા આંદોલનો ચાલે છે તે વખતે તામીલનાડુમાં ૫૪૦ ટ્રકમાં એક એક પશુને મોટા બોક્સમાં લઈ જતા વાહનોનો વિડિયો વાઈરલ થયો છે ત્યારથી દેશદાઝવાળા નાગરિકોના પેટમાં શેરડો પડ્યો છે. કેટલ બ્રિડીંગ પ્રોગ્રામના નામે એક સરકારી અધિકારના જણાવ્યા મુજબ એનિમલ હસ્બન્ડરી ડિપાર્ટમેન્ટે ૧૦૦૦ જર્સી ગાયની આયાત કરી છે જેમાંથી ૫૦૦ કલકત્તામાં અને ૫૪૦ ચેન્નઈ પહોંચેલ છે. પોતાનું નામ નહીં દેવાની શરતે એમ પણ કહેવામાં આવ્યું છે કે તામીલનાડુની ગાય ગુજરાત સરકારના ડેરી ડેવલોપમેન્ટ ડિપાર્ટમેન્ટ માટે ખરીદવામાં આવી છે. આ સમાચાર જો સાચા હોય તો દુઃખદ આશ્ચર્ય લેખાશે.

જામનગરના જામસાહેબે ૧૯૬૫ માં ૩૦૦૦ ગીરની ગાય બ્રાઝીલને ભેટ આપી હતી અને આજે તેના દ્વારા તેઓએ ૬૫ લાખ ગીરની ગાયો પેદા કરી છે અને આપણો દેશ મુર્ખામીની ચરમસીમાને વટાવીને જર્સી ગાયોની આયાત કરીને આ દેશને બીમારી અને બેકારીના ખપ્પરમાં લઈ જવાના બીજ વાવી રહ્યું છે.

ગુજરાત ગોસેવા અંતર્ગત જામનગરની આયુર્વેદ યુનિવર્સિટીના રિસર્ચર ડો. હિતેશભાઈ જાનીએ તેમના રિસર્ચ પેપરમાં સ્પષ્ટ જણાવ્યું છે કે દેશી ગાયો ગ્લોબલ વોર્મીંગની સર્જનહાર નથી પરંતુ જર્સી ગાયના પ્રતાપે જ વિશ્વના પર્યાવરણમાં ભયજનક વળાંક આવ્યો છે. દેશી ગાય પંચગવ્ય ચિકિત્સાઃ ધ મેડિસીન ઓફ મિલેનીયમ નામના શોધપત્રમાં તેઓએ જણાવ્યું છે કે આપણી દેશી ગાયો ઝીરો મેઈન્ટેનન્સવાળી હોય છે. જ્યારે જર્સી ગાયો સતત ખાતી રહેતી હોવાથી તેઓ અવારનવાર માંદી પડે છે અને તેમને સતત એન્ટીબાયોટીક્સ આપવી પડે છે. તેમના મિથેન ગેસના કારણે ઓઝોનના લેયરમાં ગાબડા પડે છે તેનું એ-૧ મિલ્ક સઘળા રોગોનું સર્જનહાર છે.

એ-૧ મિલ્કમાં બીસીએમ-૭ નામના ૭ એમિનો એસિડ્સ માણસની ડાયજેસ્ટીવ સિસ્ટમ, આંતરિક અવયવો અને મગજ ઉપર કુઠારાઘાત કરે છે. ન્યુઝીલેન્ડના વેટરનરી સાયન્ટીસ્ટ પ્રોફેસર ઈથ વુડવડના મત પ્રમાણે ટાઈપ-૧ ડાયાબીટીસ, હાર્ટ ડિસીઝ, ઓટિઝમ અને અન્ય નોન કોમ્યુનીકેબલ રોગોને જન્મ આપનાર જર્સી ગાયનું દૂધ છે. બાળકોમાં પેટ, છાતી અને કાનના રોગો અને મોટેરાઓમાં ટોન્સીલ જેવા રોગોને પણ આ દૂધ જન્મ આપે છે. તેની સામે દેશી ગાયના દૂધમાં સીટોકાઈન્સ અને મીનરલ્સ જેવા માઈક્રોન્યુટ્રીયન્સને કારણે સમગ્ર ઈમ્યુન સિસ્ટમને બળવાન બનાવે છે. દેશી ગાયના ઘીના બે ટીપા નાકમાં અને બે ટીપા આંખમાં નાંખવાથી કોલર ઉપરના ઈએનટીના તમામ રોગો વિશ્વાસપૂર્વક દૂર કરી શકાય છે. અમેરિકાના એફડીએ ડિપાર્ટમેન્ટે હવે જાહેર કર્યું છે કે ભારતમાં જે પ્રમાણે ઘી અને તેલ ખવાય છે તે પ્રમાણે જો આહાર ચાલુ કરવામાં આવે તો હાર્ટના રોગોને અટકાવી શકાય છે. અત્યાર સુધી આ લોકોએ હાર્ટના રોગોમાં તેલ ઘી નહીં ખાવાની સલાહ આપીને અનેક લોકોને નુકસાન કર્યું છે, જે નોન રીપેરેબલ લોસ છે. સર્વોચ્ચ અદાલતના તા.૦૭.૦૫.૨૦૧૪ ના જસ્ટીસ રાધાકૃષ્ણ અને ઘોષની ડિવિઝન બેન્ચના જલિકુટ્ટી સંદર્ભે ૧૦૩ પાનાના આદેશને જો સાચી રીતે અમલમાં મૂકવામાં આવે તો ગીતા સમાન આ આદેશને કારણે આ દેશનું પશુધન બચી શકે તેમ છે. મીટ એક્સપોર્ટ પણ બંધ થઈ શકે તેમ છે અને દેશમાં ચાલતા ગેરકાયદે કતલખાનાઓ તો રમતવેતમાં બંધ થઈ શકે તેમ છે. દેશી બ્રીડની જો રક્ષા કરવામાં આવશે તો વિદેશથી આયાત કરવાનું કોઈને નહીં સુઝે. પરંતુ એકમાત્ર વધારે ઉત્પાદનના નામે જર્સી ગાયની આયાત કરવામાં આવે છે જે સરવાળે આરોગ્યની બાદબાકી કરીને દેશના યુવાધનને મોટા નુકસાનની ગરતામાં ધકેલે છે. ૨૦૧૬માં આખા વિશ્વમાં મીટ એક્સપોર્ટમાં ૧૮૫૦ મીલીયન મેટ્રીક ટન મીટ એક્સપોર્ટ કરીને બ્રાઝીલ સાથે બરોબરી કરી વિશ્વના એક્સપોર્ટમાં ૧૯.૬ ટકા ભારતમાંથી એક્સપોર્ટ કરીને કરોડો પશુઓને વિદેશીઓના ચટકા પોષવા માટે સર્વોચ્ચ અદાલતે ઉપરોક્ત જજમેન્ટમાં મનાઈ ફરમાવી હોવા છતાં મોકલ્યા આ દેશ કઈ દિશામાં ગતિ કરે છે તે સમજાતું નથી.

**- સૌ. વર્ધમાન પરિવાર**



પાત્ર

## સાચો મિત્ર

બે દોસ્ત હતા - સંવેદનશીલ અને સમજદાર. બંનેને ચિત્રકળામાં ખૂબ રસ. માટે ચિત્રકળાને આત્મસાત કરવા એક ઉસ્તાદના ઘરે પહોંચ્યા. માર્ગદર્શન મેળવ્યું. આર્થિક પાસાની ચર્ચા કરી. પછી નિર્ણય કર્યો કે એક મિત્ર ચિત્રનું જ્ઞાન લેશે અને બીજો પરિશ્રમ કરી પૈસા કમાશે. બંનેનો સાધનાકાળ ચિત્રકળાને ભીતર ઊતારવાનો એક સાથે શક્ય નહોતો. બંને ગરીબ હતા. એક ટંકના જમવાના પણ રૂપિયા એમની પાસે હતા નહીં. માટે નક્કી કર્યું કે એક ચિત્રકળા શીખે, એક મિત્ર કમાય. પછી બીજો મિત્ર જેમણે ચિત્રકળા શીખી હોય એ પૈસો કમાય અને બીજો વિદ્યાનું તપ કરે. ચિત્રકળા ભીતર ઉતારે. માટે એક દોસ્ત ગુરુને ત્યાં રહી ચિત્રનો અભ્યાસ આરંભ કર્યો. વર્ષો થયા. ચિત્રકળાનું તપ ખૂબ અને લાંબુ રહ્યું. લગનથી શ્રદ્ધાથી પેલો દોસ્ત ચિત્રના રંગોને રેખાઓને હૃદયથી રેખાંકિત કરી રંગરોગાન કરતો રહ્યો. એનું તપ ફળ્યું. એના ચિત્રો દ્વારા એ સમયે સમયે કળારસિકોમાં કલા પારખુઓમાં ચિત્ર પ્રદર્શનોના માધ્યમથી સુખ્યાત થવા લાગ્યો અને એ નામી ચિત્રકાર બની ગયો. એનો સૂર્યોદય થઈ ચૂક્યો હતો. એ ચિત્રકાર હતો અલબ્રેખ્ત ડુરેર.

બીજી તરફ અલબ્રેખ્તનો પેલો દોસ્ત પૈસા કમાવા કઠીન મજુરી કરી રહ્યો હતો. એ પથ્થરની ખાણોમાં પરિશ્રમ, પરસેવા થકી પૈસા કમાતો, લાકડા કાપતો વેંચતો અને જે કાંઈ પ્રાપ્ત થતું એમાંથી પેટ પૂરતું રાખી મિત્ર ડુરેરને અભ્યાસના, રહેવાના ખર્ચ માટે મોકલી આપતો. એ તો પૂર્ણ લગનથી જ કામ મળતું તે કરતો રહેતો. એ તો એ વાત પણ વિસરી ગયેલો કે મારે ચિત્રકળા આત્મસાત્ કરવાની છે. એનો મિત્ર તરફનો અનુરાગ સહજ હતો. બંને સાથે ચિત્રકળાના કલાકાર બનવા ઘરેથી નિકળેલાં, બંને અજીજ દોસ્ત એકબીજાના પૂરક હતા. જ્યારે અલબ્રેખ્ત ચિત્રકળાની સાધનામાં રત હતો એ દિવસોમાં કદી પણ પરિશ્રમી મિત્રએ એને પૂછેલું નહીં કે ''ભાઈ, તારો અભ્યાસ ક્યારે પૂરો થશે ? હું ક્યારે ચિત્રકળા શીખીશ ?'' એ તો તેના મિત્ર માટે તનતોડ મહેનત કરતો રહ્યો.

એક દિવસ અલબ્રેખ્ત ડુરેરના ગુરુએ એને બોલાવી કહ્યું, ''બેટા, હવે તારી ચિત્રકળાની સાધના પૂર્ણ થાય છે. તેં જે કીર્તિ પ્રાપ્ત કરી, કલાને સેવી માટે હું પ્રસન્ન છું. તું હવે પરત ફરી શકે છે !'' ડુરેર એ પછી પોતાના પરિશ્રમી દોસ્ત પાસે આવ્યો જે એના ખર્ચ માટે, ભરણપોષણ માટે મજુરી કરી રૂપિયા મોકલતો રહ્યો હતો. અને હવે એને ચિત્રકળા શીખવાની સાધના કરવાનો વારો હતો. ડુરેરે વિચારેલું એ પણ નામી ચિત્રકાર થશે. હવે મારી પાસે ઘણા રૂપિયા છે. ડુરેરે જ્યારે ગુરુને ત્યાંથી આવી એના મિત્રની સ્થિતિ જોઈ એ દુઃખી થઈ ગયો. ડુરેરને તો ખબર નહોતી કે એનો મિત્ર કેવી કઠીન મહેનત કરી પૈસા રળીને મોકલતો હતો. ડુરેરે એના હાથ પોતાના હાથમાં લીધા જે હાથ હવે જાડા, ખરબચડા, કઠીન, બેડોળ બની ગયેલા, હાથની આંગળીઓ તરડાઈ ગયેલી, નખ બરડ બની ગયેલા... એ હાથ પરિશ્રમ કરી, પથ્થર તોડી, લાકડા કાપી લોઢા જેવા બની ગયેલા મિત્રના હાથને હૂંફથી, પીડાથી પંપાળી ડુરેરે કહ્યુંઃ ''હે મિત્ર, હવે ચિત્રકળા શીખવા જવાનો તારો વારો છે અને મારે પૈસા કમાઈ તારા અભ્યાસ માટે મોકલવાના છે. પરંતુ આવા ખરબચડા, સખ્ત હાથ વડે તું કેવી રીતે ચિત્રકળાને પામી શકીશ ? આવા હાથ થકી ચિત્રકળા શીખી શકાય જ નહીં. હવે તારા માટે ચિત્રકાર બનવું અસંભવ છે. તું આટલો પરસેવો પાડી, મારા માટે તારા જીવનની આહુતિ આપી દઈશ એની મને ખબર પણ રહી નહીં. ભાઈ, હું ખૂબ સ્વાર્થી છું. મને માફ કરી દે.'' આમ, પસ્તાવાનું ઝરણું વહાવતો અલબ્રેખ્ત અશ્રુની ધાર રેલાવતો રહ્યો. ત્યારે એના દોસ્તએ એના આંસુઓને લૂછીને, હસતા, બાથ ભીડી ડુરેરને કહ્યું, ''મિત્ર આ રડવા જેવો પ્રસંગ નથી. ખુશીનો અવસર છે. અને ચિત્ર તારા હાથ બનાવે કે મારા હાથ ચિત્રનું સર્જન કરે એમાં તફાવત શું પડે છે ? શું તારા હાથે સર્જાયેલું ચિત્ર મારું સર્જન નથી? માટે મિત્ર, તું આનંદથી આ કલાયાત્રામાં રત રહે. તું ચિત્રની રેખાઓ અંકિત કરીશ એ રેખાઓ મારા જીવનનો રમણીય નકશો કંડારશે, તું રંગ પૂરીશ ત્યારે મારા હૃદયમાં રંગોળી સર્જાશે.'' આમ કહી એ બેડોળ હાથવાળો મિત્ર ડુરેરને ભેટી ગયો... ઈતિહાસમાં અલબ્રેખ્ત ડુરેર ચિત્રકાર તરીકે કીર્તિવંત થયો જ્યારે એના મિત્રનું કોઈને નામ-ઠામ પણ ખબર ન્હોતી.

**સંકલન : પ્રા.દીનુભાઈ ચૂડાસમા**

किसी से बदला लेने का
आनंद दो चार दिन ही रहेगा;
लेकिन माफ कर देने का सुकून
जिंदगी भर रहेगा

**- ब्रह्मा कुमारी शिवानी दीदी**

## સુખ તમારી આદત હોવી જોઈએ

તમને કોઈ સુખી ન કરી શકે, કોઈ જો તમને કંઈ આપી શકે તો એ ખુશી હોય, સુખ તો તમારે જાતે જ શોધવું પડે અને સુખી થવાની આદત તો તમારે જ કેળવવી પડે. સુખી કરવાનું કામ કોઈ ન કરી શકે, ક્યારેય નહીં. સુખી થવું હોય, સુખી રહેવું હોય તો તમારે જ તમારી જાતને તૈયાર કરવી પડશે અને એ તૈયારી માટે તમારે જ જાગવું પડશે. હું કહીશ કે અમરત્વ કોઈની પાસે નથી અને કોઈને એ મળવાનું પણ નથી. જીવનની કઈ ક્ષણ અંતિમ બની જાય એના વિશે પણ કોઈને ખબર નથી એવા સમયે જો આ ક્ષણ પણ અંતિમ ક્ષણ બની રહે તો પણ અફસોસ ન રહે એ પ્રકારનું જીવવું એ દરેક વ્યક્તિનો જન્મસિદ્ધ અધિકાર છે અને આ અધિકારને વાપરવો એ તેમનો જન્મસિદ્ધ હક છે.સુખ એટલે શું એ વાત મનમાં જો જન્મે તો એની વ્યાખ્યા મારા પરમ મિત્ર અને જાણીતા પત્રકાર-લેખક રશ્મિન શાહે રસપ્રદ રીતે કરી છે. ધાર્યું થાય એ સુખ અને જો ધાર્યું ન થાય તો એ દુખ. વર્ષો પહેલાં તેના મોઢે સાંભળેલી સુખ અને દુખની આ વ્યાખ્યા તલસ્પર્શી છે અને અત્યંત ઉચિત પણ છે. ધાર્યું થાય એ સુખ અને ધાર્યું ન થાય ત્યારે મનમાં જે લાગણી જન્મે એ દુખ. ધાર્યું ન થાય તો પણ સુખને પામવાનો પ્રયાસ શું કામ ન થઈ શકે? શું કામ ધાર્યું થાય એવી જીદ પણ મનમાં રહેવી જોઈએ? શું માત્ર અહમ્‌ને પોષવા માટે કે પછી માત્ર પોતાની જીદને આત્મસંતોષ આપવા માટે? ધાર્યું થાય તો જ સુખ શું કામ મળે? શું કામ એવું ન બને કે તમે કોઈને તમારા મનની વાત કહી દીધી એ પછી પણ તેનું પોતાનું ધાર્યું કરવાની પરવાનગી અકબંધ રહે? વાઈફ હોય કે પછી ગર્લફ્રેન્ડ, હસબન્ડ હોય કે પછી બૉયફ્રેન્ડ, દીકરો હોય કે દીકરી બધા માટે આવો નિયમ શું કામ ન રાખી શકાય કે તારા માટે જે સારું છે, તારા માટે જ સાચું છે એની જાણ કરવાની ફરજ નિભાવી લીધી છે; હવે તને જે યોગ્ય લાગે એ કરવાની જવાબદારી તારી છે. સુખી તમારે થવું છે, સુખ તમને જોઈએ છે એ વાતને મગજમાં ઠસાવીને રાખવી પડશે. ભૂલી જાઓ કે કોઈ તમારો જમૂરિયો બનીને જીવે અને કોઈના તમે જમૂરિયા બનો. જરા પણ જરૂરી નથી કોઈને તમારા શબ્દો સાથે બાંધી રાખવા. કારણ સુખ તમારે તમારા જીવનમાં જોડવાનું છે અને સુખ સાથે જીવવાનું છે. મૉડર્ન સાયન્સમાં સ્ટ્રેસ નામનો શબ્દ બહુ પૉપ્યુલર થયો છે. આ સ્ટ્રેસ એટલે મારી દ્રષ્ટિએ પોતાની વ્યક્તિ પાસે ધાર્યું કરાવવા માટે ખર્ચાતી માનસિક તાકાત. યાદ રહે કે તે તમારું ધાર્યું ન કરે તો કંઈ તમે તેના વિના રહી શકવાના નથી, કારણ કે તે તમારી અંગત વ્યક્તિ છે અને તમારી ઈચ્છા મુજબનું વર્તન ન કર્યા પછી આવનારા ખરાબ પરિણામ પછી પણ તમે તેને છોડી નથી દેવાના, કારણ કે એ તમારી અંગત વ્યક્તિ છે.

**- લે. મનોજ નવનીત જોશી, સૌ. મિડ-ડે**

## મૌન માટેની અભીપ્સા

મૌનમાં રહેવાની ઈચ્છા થવી કે પછી મૌન તરફ ખેંચાણ અનુભવવું તેના મૂળમાં જે વસ્તુ આપણી અંદર પડેલી છે તે જ વસ્તુ આપણને તે અવસ્થા તરફ જવાનું સૂચન હોય છે. જે મૂળ આપણી અંદર પડેલા છે તે મૂળ તરફનું ખેંચાણ થાય તે તદ્દન સ્વાભાવિક છે. આપણે શોરબકોર, દોડધામ, જૂઠા કોલાહલો, બિનજરૂરી સંપર્કોને પોતે બોલાવેલા હોય છે. એ આપણું હોતું જ નથી. આપણા મૂળ પરમ ચેતના સાથે વીંટળાયેલા છે, તે તરફ જનારા છે, આપણને તે દિશા તરફ દોરી જનાર છે, તે ઘણીવાર આપણને આદેશ આપતા હોય છે, સૂચન કરતા હોય છે, ઘટનાઓ દ્વારા, કોઈ કોઈ વ્યક્તિઓ દ્વારા, સત્સંગો દ્વારા આપણી પાસે આવતા કોઈ ગ્રંથો દ્વારા, ઘણીવાર જે વસ્તુ વાંચીએ છીએ કે આપણા હાથમાં આવે છે ત્યારે આપણે આશ્ચર્યમાં પડી જતા હોઈએ છીએ કે અરે! આ વસ્તુ તો હું ઝંખતો જ હતો ને એ જ વસ્તુ મારા વાંચન માટે મને મળી રહી છે. પ્રભુ અથવા તો આપણી આંતરચેતના અનેકવિધ રીતે આપણને સાચા માર્ગ તરફ દોરી રહી હોય છે, માર્ગદર્શન આપતી રહી હોય છે, પણ આપણી ખોટે માર્ગે ચડી ગયેલી પ્રકૃતિ કે આપણા જૂઠા સંવેદનો એ સૂચનોને અવગણીને આપણે કોલાહલના ને જૂઠા જગત તરફ દોરાતા રહેતા હોઈએ છીએ. આપણા ક્ષણિક આનંદો, કહેવાતી મોજમજા, પ્રલોભનો જેવા પ્રભુ વિરોધી બળો સતત જૂદી દિશા તરફ દોરતા રહેવામાં જ મશગુલ હોય છે. નબળા મનના માનવી એ તરફ ઝડપથી આકર્ષાતા રહેતા હોય છે. જૂઠી ઝળકાટ ભરેલી દુનિયામાં ડૂબતા રહેતા હોય છે પણ જેઓ સુજ્ઞ છે, ઘડીભર પોતાની આંતરચેતનામાંથી ઝંકૃત થતા અવાજને સાંભળવા આતુર બનેલા છે, તેઓ ચોવીસે કલાકની દોડધામમાંથી બચવા માટે પણ થોડાક સમયનું મૌન ધારણ કરવાનો અભ્યાસ કેળવે છે. મૌન આપણે આખા દિવસનું લેવાનું હોતું જ નથી. આપણે સદંતર મૌન થઈ જવાનું હોતું જ નથી. આપણે કશાનો એકદમ ત્યાગ કરવો નથી. આપણે જાગૃતપણે-સચેતન બનીને સર્વ કાંઈ

જેમાં પ્રભુ છે તેમાં રસ લેવો છે. જરૂર પડે ત્યાં જ ને તેટલું જ બોલવાનો અભ્યાસ કરવો છે. જો આપણી ચેતના આ રીતે ઊર્ધ્વના વાતાવરણને સાદ કરવા ટેવાયેલી હશે તો સહજ મૌન આપણને ઘેરી વળે છે. અને તે સંયમપૂર્વક જેમાં આપણું involvement એવી રીતનું હોય જેનાથી આપણા અંતરનો આનંદ છીનવાઈ જાય નહીં. આપણી શાંતિ કોઈ હરી જઈ શકે નહીં. આપણા જીવનને આપણે નિસ્તેજ બનાવવું નથી.

**- લે. ભૂપેન્દ્ર ત્રિવેદી, ''મૌનનો કરીએ આરંભ'' માંથી .**

## શિક્ષણ ધંધો બની ગયો છે

યુનિવર્સિટીઓની સ્થાપના આપણા દેશમાં થઈ (૧૮૫૭). તેને લગભગ દોઢસો વર્ષ થવા આવ્યાં પણ આપણી એક પણ યુનિવર્સિટીને વિશ્વની શ્રેષ્ઠ વિદ્યાપીઠોની યાદીમાં સ્થાન મળતું નથી અને આ બાબતનો કશો ચટકો કોઈને લાગતો નથી. અત્યારે શિક્ષણ નહીં સમગ્ર કાર્યવાહીનો અંકુશ મુડીરોકાણ કરનાર ધનપતિઓ અને જેમણે કદી શિક્ષણકાર્ય કર્યું નથી તેવા સરકારી અમલદારોના હાથમાં છે. ધનપતિઓ ભણાવનાર (શિક્ષકો)ની વરણી કરે છે અને તેમણે શું ભણાવવું, કેવી રીતે ભણાવવું તે સરકારી અમલદારો ઠરાવે છે. ગંજાવર પગાર અને મનચાહી સત્તા ભોગવનાર સરકારી અમલદારોની અણ આવડતના નમૂનાઓ દર વરસે વિદ્યાર્થીઓના માથે ઠોકી બેસાડવામાં આવતાં પાઠ્યપુસ્તકોમાં જોઈ શકાય છે. આવા છબરડાઓ છાપામાં છપાય પછી એકબીજા પર વાંક ઢોળવાની રમતમાં નિષ્ણાત અધિકારીઓ વાતને રાળી ટાળી નાખે છે. શિક્ષણ, સમાજ અને સંસ્કૃતિ બંનેને ટકાવનાર પાયો છે. શિક્ષકની સમસ્યા અંગે ઊંડું અને મૌલિક ચિંતન કરનાર ગ્રીક તત્ત્વજ્ઞ પ્લેટો એ પોતાના આદર્શ રાજ્યના વહીવટી તંત્રની રૂપરેખા રજુ કરી છે. પ્લેટોના આદર્શ રાજ્યની સરકારમાં સત્તા તત્ત્વજ્ઞ અને તટસ્થ જ્ઞાની પુરુષોને જ સોંપવામાં આવશે અને આવા આદર્શ રાજ્યમાં એક જ ખાતું, શિક્ષણખાતું રાખવામાં આવશે. પ્લેટોની દલીલ એવી છે કે સમાજ પોતાની ઊછરતી પેઢીને સાચું શિક્ષણ આપે તો સમાજને બીજા કશાની જરૂર રહેવાની નથી. સાચું શિક્ષણ પામેલા માણસ ગુના કરતો નથી તેથી પોલીસની જરૂર નથી. અદાલતો નક્કામી બની જાય છે અને કાયદાની પણ કશી જરૂર નથી કારણ કે સમજદાર માણસ આપોઆપ હંમેશા સદ્‌વર્તન જ કરવાનો છે. કાયદા ગમે તેટલા સરસ અને સ્પષ્ટ હોય, છતાં શિક્ષણ હીન સમાજ તેનાથી આડાઅવળા રસ્તાઓ ખોળી કાઢશે, અને સમાજ ચરિત્રહીન બની જવાથી બીજા કોઈ ઉપાયોથી સમાજને આદર્શ પરસ્ત બનાવી શકાતો નથી.

આજે તો શિક્ષણ અને સંસ્કાર જેવા વારંવાર વાપરવામાં આવતા શબ્દો પણ અર્થ ગુમાવી બેઠા છે. મા-બાપ અને શિક્ષક બાળકને સંસ્કાર આપે છે, તેવું કહેવાય છે. નાના બાળકને ખોટું બોલતાં વડીલો જ શીખવે છે. ઊંચનીચના ભેદ, પોતાની સંપત્તિનો ગર્વ અને ઉછાંછળાપણું બાળકને તેમનાં માબાપો અને શિક્ષકો પાસેથી મળે છે. આ પરિસ્થિતિ એટલી હલકી કક્ષાએ પહોંચી છે કે રૂસો નામનો પ્રખર વિચારક સામા છેડે જઈને બેઠો છે. રૂસોનું માનવું છે કે આજની કેળવણી અનુસાર શિક્ષિત બનેલો માણસ વધારે ચતુર, વધારે હરામખોર અને વધારે ઘાતકી હોય છે. આધુનિક શિક્ષણથી વંચિત રહેલા ગામડાના મહેનતકશ લોકો અને આદિવાસીઓ વધારે પ્રામાણિક, સત્યવાદી અને ઉદાર હોય છે. રૂસોએ તેમના માટે 'Nobel Savage' 'ચરિત્રવાન જંગલી લોકો' તેવા નામનો ઉપયોગ કર્યો છે. રૂસોનું કહેવું તદ્દન ખોટું નથી. ભારતની જ વાત કરીએ તો આપણે ત્યાં શ્રીમંતો અને શિક્ષિતોમાં ગુનાખોરી અને ગુનાની સજામાંથી છટકી જવાનું પ્રમાણ ઘણું મોટું છે.

**- નગીનદાસ સંઘવી, સૌ. દિવ્ય ભાસ્કર**

## ''શાકાહારી બનો''

'ઓશો' રજનીશના શબ્દોમાં:

''ફળ અને શાકભાજી જાત-જાતના રંગવાળા અને સુગંધી હોય છે. જે આપણને આર્કષક લાગે છે જ્યારે માંસ દેખાવમાં તદન કદરૂપુ અને ગંધાતુ હોય છે. કોઈ ફળના બગીચામાં જાઓ તો તમારુ મન ખીલી ઉઠે છે. એક-બે ફળ તોડીને ખાવાનું મન થાય છે. જ્યારે કોઈ પણ કતલખાનામાં ચાલ્યા જવાથી મન ગ્લાનિપૂર્ણ થઈ જાય છે. ફળ કે શાકભાજી તોડવાથી કાપવાથી આપણને કોઈ ગ્લાનિ નથી થતી, એમની પીડા, એમનું રૂદન અને ચીસો આપણે નથી જોઈ શકતા કે નથી સાંભળી શકતા. જ્યારે કોઈ પણ પશુનો વધ કરવો એટલું સહેલું નથી. આમ જોવા જાવ તો કુદરતે આપણી ઈન્દ્રીયો એવી બનાવી છે કે જીભ સિવાયની બધી ઈન્દ્રિયો માંસાહારની વિરુધ્ધ છે. આથી આપણે સમજવુ જોઈએ કે કુદરત આપણને શું ઈશારો કરી રહી છે? આ ઈશારો સમજીને તમે તમારું ભોજન નક્કી કરો. પસંદગી આપે કરવાની છે.

**- પ્રેષક: ડો. શ્રીરામ સોની, અનુવાદ: શાંતિલાલ ગડા**

## પુણ્ય દાનનો પ્રતાપ

એક રાજા ઘણો દયાળુ અને ધર્માત્મા હતો, તેમ છતાં તેમનાથી ભૂલમાં એક પાપ થઈ ગયું હતું, તેથી તેમનું મૃત્યુ થયું ત્યારે યમરાજાએ દુતોને આજ્ઞા કરી કે તે રાજાને નરકના રસ્તેથી કોઈ પણ તકલીફ વગર લઈ આવવા.

યમરાજાના દુતો રાજાને લઈને જ્યારે નરકના રસ્તેથી પસાર થતા હતા ત્યારે નરકમાં સબડતા હજારો દુ:ખી આત્માઓના ચિત્કાર અને વેદનાની ચીસો રાજાને સંભળાવા લાગી. રાજાનું દિલ ગભરાવા લાગ્યું, તેઓ ઝડપથી નરકનો રસ્તો કાપવા લાગ્યા. તે જોઈ નરકમાં સબડતા જીવો તેમને પ્રાર્થના કરવા લાગ્યા, 'મહારાજ! તમારું કલ્યાણ થાઓ. અમારા ઉપર દયા કરીને થોડી ક્ષણ માટે આપ અહીં ઉભા રહો. કારણ કે તમારા શરીરને સ્પર્શીને જે હવા આવે છે તેના કારણે અમારી વેદના અને અગનજવાળા શાંત થાય છે, અને અમને તેના કારણે ઘણું સુખ મળે છે.'

યમદુતોએ રાજાને કહ્યું, 'ધર્માત્મા છો, તમારા માટે સ્વર્ગમાં ઉત્તમમાં ઉત્તમ જગ્યા ખાલી છે, તમારે અહીં ઉભા રહેવાની જરૂર નથી, અહીંથી જલ્દી ચાલો.'

રાજાએ કહ્યું, 'મારે સ્વર્ગ નથી જોઈતું, જો મારા રહેવાથી નરકમાં સબડતા આ જીવોને શાંતિ અને સુખ મળતાં હોય તો હું અહીં જ રહેવા માગું છું, અન્ય જીવોની રક્ષા કરવામાં અને તેમને સુખી કરવામાં જે સુખ છે તે સુખ તો સ્વર્ગ કે બ્રહ્મલોકમાં પણ નથી.'

તે સમયે ધર્મરાજા ઈન્દ્ર ત્યાં આવી પહોંચ્યા. ધર્મરાજાએ કહ્યું, 'રાજન, હું આપને સ્વર્ગમાં લઈ જવા આવ્યો છું. હવે તમે આગળ ચાલો.'

રાજાએ કહ્યું, 'જ્યાં સુધી નરકમાં સબડતા આ જીવો તેમના દુ:ખોમાંથી મુક્તિ નહી મેળવે ત્યાં સુધી હું અહીંથી ક્યાંય નહિ જાઉં.'

ધર્મરાજાએ કહ્યું, 'આ બધા પાપી જીવો છે. તેમણે તેમના જીવનમાં કોઈ પુણ્ય કર્યું નથી, તેઓ નરકની યાતનાથી કેવી રીતે છુટે ?'

રાજાએ કહ્યું હું મારું બધું પૂણ્ય આ જીવોને દાન કરી દઉં છું, આપ તેમને સ્વર્ગમાં લઈ જાઓ, તેમના બદલે હું નરક ભોગવીશ.

રાજાની વાત સાંભળી દેવરાજ ઈન્દ્રએ કહ્યું, 'તમારા પુણ્યના પ્રતાપે નરકના જીવોને તેમના દુ:ખોમાંથી મુક્તી મળી ગઈ છે, જુઓ, તેઓ સ્વર્ગના રસ્તે જઈ રહ્યા છે, હવે તમે પણ સ્વર્ગમાં ચાલો.'

રાજાએ પૂછ્યું, 'મેં તો મારું બધુ જ પુણ્ય દાનમાં આપી દીધું હવે આપ મને સ્વર્ગમાં લઈ જવાની વાત શા માટે કરો છો ?'

ભગવાન ઈન્દ્ર હસીને કહેવા લાગ્યા, 'દાન કરવાથી વસ્તુ ઘટતી નથી પણ વધે છે, તમે તમારા બધા પુણ્યનું દાન કર્યું છે, એજ એક મોટું પુણ્ય બની ગયું છે. હવે કૃપા કરી અમારી સાથે ચાલો.'

દુ:ખી પ્રાણીઓ ઉપર દયા કરવાથી રાજા યુગો પર્યંત સ્વર્ગનું સુખ ભોગવતા રહ્યા છે. **(સ્પર્શના સહયોગથી)**

**- પ્રેષક : વિનુભાઈ શાહ (નવા વાડજ)**

## કબીરે અનાજની ગુણચોરી

કબીર સાહેબના જીવનનો એક પ્રસંગ છે. કબીર તો ફકીર માણસ. ભગવાનના જ માણસ. બિલકુલ નીડર અને સાચદિલ. એમને બે દીકરા, બે દીકરી. મોટા દીકરાનું નામ કમાલ. કબીર સાહેબે પુત્રને આપેલી શિખામણ આવી છે :

'કબીર કહે કમાલ કો દો બાતેં સીખ લે! કર સાહેબ કી બંદગી, ભૂખે કો અન્ન દે!'

ઈશ્વરનું ભજન કરવું અને ભૂખ્યાને ભોજન કરાવવું!

એક દિવસ પુત્ર કમાલે કહ્યું: 'ભૂખ્યાને જમાડવાની વાત તો સારી છે, પણ આપણે કંઈ એવા માલદાર નથી. અનાજની કોઠીનું તળિયું વારંવાર દેખાઈ જાય છે. આપણે કંઈક કરવું જોઈએ!'

કબીર સાહેબે કહ્યું : તને આપણી કોઠીની બહુ ચિંતા થતી હોય તો તું કહે શું કરીએ, તું કહે તે કરીએ! પુત્ર કમાલે કંઈક કડવાશથી અને કંઈક નારાજગીથી કહ્યું: 'શું કરી શકીએ?' તમે કંઈ ખોટું કરવા તો તૈયાર જ ન થાઓ ને? ખુદાનો ડર, ભગવાનનો ડર, ભૂખ્યાને આ રીતે ભોજન કરાવવા જેટલી આપણી આમદાની નથી. એટલે પછી ચોરી જ કરવી પડે. કબીર સાહેબ હસીને કહ્યું: 'તારી સલાહ હોય અને તને જરૂર લાગતી હોય તો ચોરી કરીએ!'

કમાલ તો કબીરસાહેબ સામે ફાટી આંખે જોઈ રહ્યો. મારી મજાક કરે છે કે શું! પછી કમાલે કહ્યુ 'તમે તૈયાર હો તો આજે રાત્રે જ અનાજના મોટા વેપારીના ગોદામ પર ધાડ પાડીએ!' રાત્રે કમાલની સાથે સંત કબીર તો ગયા. અનાજના મોટા વેપારી શેઠની દુકાન અને ઘરને અડીને જે ગોદામ હતું તેની દીવાલમાં બાકોરૂં પાડ્યું. કબીરસાહેબ બાકોરૂં પાડે છે અને પુત્ર કમાલ થર થર કાંપે છે. હમણાં કોઈક જોઈ જશે તો આબરૂના લીરેલીરા થઈ જશે.

પુત્રને ફફડતો જોઈને કબીર સાહેબે કહ્યુંઃ 'બેટા, તું આટલો ગભરાય છે કેમ? કોઈ માણસ જોઈ જાય તેની તને બીક છે? અને ભગવાન જે બધું જુએ જ છે તે આ બધું જોઈ રહ્યા છે તેની તને મુદ્દલ ચિંતા નથી? ડરવાની જરૂર નથી. આપણે તો બધાં કામ ભગવાનને માથે રાખીને જ કરવાના!'

તેમણે અનાજની ગુણ બહાર કાઢી. કમાલને થયું કે હવે જલદી આ બધું લઈ ઘરભેગા થઈએ તો સારૂં! કબીરસાહેબે કહ્યુંઃ 'બેટા, તું આ માલસામાન પાસે ઊભો રહે, હું જરા શેઠને કહી દઉં.'

કમાલે કહ્યુંઃ 'આપણે તો ચોરી કરી છે અને શેઠ જાગી જાય તે પહેલાં ભાગી જવું જોઈએ, એને બદલે તમે શેઠને જગાડવાની વાત કેમ કરો છો?' સંત કબીરે કહ્યુંઃ 'તેને કહી દઈએ કે આટલું અનાજ લઈ જઈએ છીએ. એ સવારે બધું જુએ, આઘાત પામે, મૂંઝાય અને દોડધામ કરે અને દુઃખી થાય એવું શું કામ કરીએ? તેને કહી જ દઈએ!'

કબીરસાહેબે અનાજના વેપારીને જગાડ્યા. વેપારી કહે: 'અરે, કબીર સાહેબ ધન્ય તમારાં પગલાં - અત્યારે મધરાતે?' કબીરસાહેબે પોતાની મુશ્કેલીની વાત કરી અને પોતે અનાજ લઈ જઈ રહ્યા છે તેમ કહ્યું. અનાજના વેપારીએ કહ્યુંઃ 'અરે કબીર સાહેબ! આપને તકલીફ લેવાની જરૂર ક્યાં હતી? તમે હુકમ કર્યો હોત તો અનાજની એક નહીં, પણ પાંચ ગુણ મેં મોકલી જ આપી હોત.' કમાલને કબીરસાહેબના દૈવતનું ભાન થયું.

કબીરસાહેબના જીવનચરિત્રનો આ પ્રસંગ તો તેમના ચમત્કારોના પ્રસંગથી જુદો જ છે. આ પ્રસંગ કબીરના દેવત્વનો નહીં, એક મનુષ્ય તરીકેની તેની મોટાઈના ચમત્કારનો છે. આવું આજે પણ બને છે. માણસમાં 'હીર' હોય, એની ભક્તિમાં સચ્ચાઈ હોય, એક માણસ તરીકે તેના 'કંચન'માં ભેળસેળ ન હોય તો આવા માણસને આજે પણ લોકો નમે છે. માણસ ચાહે તો પોતાની શુદ્ધ માનવતાથી જ ચમત્કારો કરી શકે છે. **- સૌ. પરિત્રાણ**

**<u>સુવિચાર</u>**

**તમારા ચહેરા પરનું સ્મિત**
**એ કુદરતે તમને આપેલી બક્ષિસ છે. પણ,**
**એ જ સ્મિત જો તમે કોઈના ચહેરા પર લાવી શકો**
**તો એ તમે કુદરતને આપેલી Return Gift છે.**
**- મોરારી બાપુ**

## ''અબ હમ અમર ભયે ન મરેંગે''

અબ હમ અમર ભયે ન મરેંગે (૨)
યા કારન મિથ્યાત્ દિયો તજ; (૨)
ક્યું કર દેહ ધરેંગે ...... અબ હમ અમર

રાગ દોષ જગ બંધ કરત હૈ, ઈનકો નાશ કરેંગે,
મર્યો અનંત કાલ મે પ્રાણી (૨) સો હમ કાલ હરેંગે
...... અબ હમ અમર

દેહ વિનાશી, હું અવિનાશી, અપની ગતિ પકરેંગે,
નાસી જાસી હમ થિર વાસી (૨), ચોખે વ્હૈ નીખરેંગે
...... અબ હમ અમર

મર્યો અનંત વાર બિન સમજ્યો, અબ સુખ દુઃખ વિસરેંગે
આનંદઘન નિપટ, નિકટ અક્ષર દો, નહિ સમરેં સો મરેંગે
...... અબ હમ અમર

**- યોગીરાજ શ્રી આનંદઘનજી મહારાજ સાહેબ**

**<u>વાચકોના પત્રમાંથી</u>**

**સ્નેહી શ્રી રમેશભાઈ,**

**મે ૨૦૧૭ થી ગોરક્ષા પાત્રે નવું રૂપ ધારણ કર્યું છે. આનંદ થયો, પાનાંની સંખ્યા વધી, ટાઈપ મોટા થયા. વળી સંપાદનમાં આપની સાથે બે સહયોગીઓ જોડયા છે. સામયિકનું આંતરસત્ત્વ તેમજ બાહ્ય કલેવર પ્રસન્નકર બની રહે છે. મંગલ કામનાઓ સહ,**

**- શાંતિલાલ ગઢિયા, વડોદરા, તા.૧૨.૫.૧૭**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. સુરેશ ડી. માર્થક | - કાંદિવલી | ૫૦૦/- |
| ૨. દિલીપ એ. દોશી | - દહાણુ | ૧૦૦/- |
| ૩. પંકજ ઠક્કર | - વડોદરા | ૧૦૦૦/- |

**<u>નોંધ:</u> આપનું લવાજમ રમેશ એસ. દોશી, બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.**
**Bank Code : IFSC BKID 0000031**

## વૃદ્ધાશ્રમ

એક સંત વૃદ્ધાશ્રમ ચલાવી રહ્યા હતા.

લગભગ ૬૦ વૃદ્ધોને સાચવે સ્વજનથી વિશેષ ધ્યાન રાખે. પૈસાની સતત ખેંચ છતાંય વૃદ્ધોને કોઈ પણ બાબતની ઉણપ વર્તાવા ન દે.

એક બપોરે મુનિમે આવીને કહ્યું 'આપણી સ્થિતી ભયંકર ખરાબ છે આજ ભોજનની વ્યવસ્થા થાય તેમ નથી. બધાએ ભૂખ્યા રહેવું પડશે.'

સંતને જાણીને દુ:ખ થયું. હજાર હાથવાળો કેવી કસોટી કરે છે? સંસાર છોડી ભેખ ધર્યો. સમાજના સ્વજનોએ ત્યજેલા વૃધ્ધોની સેવાનો સંકલ્પ લીધો. રડતાના આંખના આંસુ લુછ્યા. છતાંય આજે આ પરિસ્થિતિ..

સંતને ઈશ્વર પર અતૂટ શ્રદ્ધા. ઉપરવાળો સવારે ભૂખ્યા ઉઠાડે પણ ભૂખ્યા સુવાડે નહીં.

મેદાનમાં હરતા ફરતા આનંદિત વૃદ્ધોને તો આ વાતનો અણસાર પણ નહીં.

બાજી હરિને હાથ...

તેમણે સાંજ પડ્યે ટેબલ પર થાળીઓ ગોઠવવાનું કહી દીધું. સાથે કહ્યું 'આજે એક થાળી વધારે રાખજો.'

મુનિમને મનમાં વિચાર થયો એક માણસ જમે તેટલું અનાજ નથી અને એક થાળી વધારે!!!

સંતને ઈશ્વર પર અપાર શ્રદ્ધા મારો વાલો ભૂખ્યા નહીં રાખે. જમવાનો સમય પસાર થતો હતો. ઈશ્વર પરની શ્રદ્ધાની કસોટી હતી.

એવામાં ફોનની ઘંટડી રણકી. 'સંત વૃદ્ધાશ્રમ? હું મનહર શેઠનો સચિવ બોલું છું એક વિનંતી કરવાની આજે



શેઠે જન્મ દિવસ ઉજવણીનો કાર્યક્રમ ગોઠવેલ પણ તેઓશ્રીની તબિયત અચાનક બગડતાં કાર્યક્રમ રદ્દ કરવો પડેલ છે. લગભગ ૬૫ માણસની રસોઈ તૈયાર છે તમે કહો તો આપના આશ્રમે મોકલી દઈએ? સાથે શેઠ જન્મ દિવસની શુભેચછા પ્રસંગે આશ્રમને રૂપિયા ૨૫૦૦૦ પણ આપવા ઈચ્છુંક છે.'

સંતે મનોમન શામળીયા સમા શેઠ મનહરલાલનો આભાર વ્યક્ત કરતાં ખુશી ખુશી હા પાડી અને બધાને જમવા બેસી જવા કહ્યું.

થોડી વારમાં રસોઈ આવી ગઈ. કદીએ ન ચાખેલ અવનવી વાનગીઓ ખાતાં વૃદ્ધો પણ ખૂબ ખુશ હતાં. મુનિમને રૂપિયા ૨૫૦૦૦ નો આશ્રમના નામનો ચેક મળી ગયો હતો.

બધાના જમી રહ્યે મુનિમ સંત પાસે આવીને બોલ્યા 'વંદન છે તમારી ઈશ્વર પ્રતિની શ્રદ્ધાને મને તો હતું આજે ભૂખ્યા જ સૂવું પડશે પણ રસોઈ આવી ગઈ. પરંતુ આપે આજે એક થાળી વધુ કેમ રખાવેલ?'

સંતે સુંદર જવાબ આપ્યો 'એ વધારાની થાળી મારા વાલા મોરલીવાળા શામળીયાની. મેં આજે કહી દીધેલ જો આજે અમે ભૂખ્યા રહ્યા તો ભલે તું જગતનો નાથ હોય શામળીયા અમારી સાથે તારે પણ ભૂખ્યા રહેવું પડશે અને મારા વાલે ભાવતા ભોજન મોકલી દીધા.'

ઈશ્વરમાં શ્રદ્ધા રાખો એ બધાનું સારું કરશે.

**- ઈન્ટરનેટ પરથી - પ્રેષક જતીન રમેશ દોશી**

---

**Post Registration No. MNW/277/2015-17**
**RNI No. MAHGUJ/2002/9750**
**Posted at Liberty Garden, P.O.**
**on 5th or 6th of every month.**

**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**રમેશ એસ. દોશી (નિમિત માત્ર),**
**બી/૬૦૧, નંદનવન કો.ઓ.હા.સો.લિ. નરસિંગ લેન,**
**ડી.એસ. નગર, મલાડ (પ.), મુંબઈ- ૪૦૦૦૬૪.**
**Email: doshir65@gmail.com**
**સંપાદક મંડળ: શ્રી શાંતિલાલ ગડા, શ્રી મનોજ રાજગુરૂ**
**Web: www.gorakshapatra.org.**
**મુદ્રણ સ્થળ: ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

**"Licence to Post Without Pre Payment"**
**WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2017**



**ગોરક્ષા પાત્ર**
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,